કેસ દાખલ તારીખ ૨૫/૦૭/૨૦૦૭
કેસ નોધ્યા તારીખ ૨૫/૦૭/૨૦૦૭
કેસ નિર્ણય તારીખ ૦૭/૦૩/૨૦૨૬
અવધિ વર્ષઃ , મા. ,દિ.

**આંક :**

**૧. ફોર્મ – એ.**

**મહે.ખેડાના અધિક ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.ખેડા, તા.જિ.ખેડા.**

**Present : N.C.Jadhav**
**Additional Chief Judicial Magistrate, Kheda.**

જજમેન્ટ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
**ફોજદારી કેસ નં.૬૨/૨૦૧૮**
મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૭/૨૦૦૬

**ફરીયાદી** :– શ્રી આર.એલ.શાહ,
ઉ.વ. પુખ્ત, ધંધો : નોકરી,
રહે. મામલતદાર કચેરી, મહેમદાવાદ.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.ભોઈ

**આરોપી** :–**(૧) દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ (એબેટ),**
ઉ.વ.૫૫, ધંધો. કડીયાકામ,
રહે. મ.નં.૬ શ્યામકુંજ સોસાયટી,
વૈશાલી સિનેમા પાછળ, નડીઆદ, તા.નડીઆદ, જી.ખેડા.
**(૨) ગંગારામ મુળદાસ જોષી (એબેટ),**
ઉ.વ.૬૭, ધંધો. નિવૃત્ત,
રહે. ૧૫ ભાલનગર સોસાયટી, મગનપુરા,
રાણીપ, અમદાવાદ.
**(૩) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની,**
ઉ.વ.૪૦, ધંધો. નોકરી,
રહે.મ.નં.એ/૧૩ ન્યુ આસુતોષ સોસાયટી, મહેમદાવાદ.

આરોપીપક્ષે વિ.વકીલશ્રી આર.એમ.સરૈયા

## ૨. ફોર્મ – બી.

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૬/૧૨/૨૦૦૩ થી તા.૨૬/૦૭/૨૦૦૪ |
| એફ.આઈ.આર.નોંધ્યા તારીખ | ૦૭/૦૯/૨૦૦૬ |
| ચાર્જશીટ તારીખ | ૨૫/૦૭/૨૦૦૭ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ | ૨૧/૦૪/૨૦૧૦ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૨૮/૧૨/૨૦૨૧ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | ૦૭/૦૩/૨૦૨૬ |

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે?** | **શું દોષી / નિર્દોષ** | **સજાની વિગત** | **ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલસમય ગાળો સી.આર.પી.સી.૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ | ૧૩/૦૩/૨૦૦૭ | ૨૦/૦૯/૨૦૦૭ | ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭ ,૪૬૮,૪૭૧ ,૪૨૦,૧૨૦ બી | એબેટ | | |
| ૨ | ગંગારામ મુળદાસ જોષી | ૦૮/૦૧/૨૦૦૭ | ૦૮/૦૧/૨૦૦૭ | ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭ ,૪૬૮,૪૭૧ ,૪૨૦,૧૨૦ બી | એબેટ | | |
| ૩ | ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની | ૧૧/૦૨/૨૦૦૭ | ૨૭/૦૯/૨૦૦૭ | ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭ ,૪૬૮,૪૭૧ ,૪૨૦,૧૨૦ બી | દોષી | ઈ.પી.કો.કલમ–૪૬૫ અને ૪૭૧ માં ૧૪ માસ, ઈ.પી.કો. કલમ–૪૬૭ ૬ વર્ષ, ઈ.પી.કો.કલમ–૪૬૮, ૪૨૦ માં ૫ વર્ષની કેદ અને તમામ કલમોમાં રૂ.૪૦૦૦/– નો દંડ | |

**૩. ફોર્મ – સી.**

**<u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના સાક્ષીની વિગત :</u>**

**(એ) ફરીયાદપક્ષના સાક્ષી.**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ | **આંક–૮૪** |
| ૨ | પંચ સાહેદ યાસીનભાઈ નુરમહંમદ વ્હોરા | **આંક–૯૪** |
| ૩ | સાહેદ બબાભાઈ મથુરભાઈ પરમાર | **આંક–૧૦૬** |
| ૪ | સાહેદ કાંતીભાઈ મથુરભાઈ પરમાર | **આંક–૧૧૨** |
| ૫ | સાહેદ અમરતભાઈ મહોતભાઈ પરમાર | **આંક–૧૧૩** |
| ૬ | સાહેદ સંજયકુમાર ગોવિંદલાલ શાહ | **આંક–૧૧૬** |
| ૭ | સાહેદ જગદીશભાઈ જેન્તીભાઈ પટેલ | **આંક–૧૩૨** |
| ૮ | સાહેદ ગીરીશભાઈ ભારમલભાઈ બારડ | **આંક–૧૪૧** |
| ૯ | ત.ક.અ. નિશાંત ધનજીભાઈ સોલંકી | **આંક–૧૪૩** |
| ૧૦ | સાહેદ કિશોર આનંદશંકર પંડયા | **આંક–૧૪૫** |
| ૧૧ | સાહેદ મહેશકુમાર મનુભાઈ વડગામા | **આંક–૧૪૮** |

**(બી) બચાવપક્ષના સાક્ષી.**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| નીલ | નીલ | નીલ |

**(સી) કોર્ટ સાક્ષી.**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

**<u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટ તરફે રેકર્ડ પર આવેલ દસ્તાવેજની વિગત :</u>**

**(એ) ફરીયાદપક્ષના દસ્તાવેજ**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | **આંક–૯૧** | ફરીયાદ. |

| | | |
|---|---|---|
| ૨ | **આંક–૯૫** | સહીના નમુનાનું પંચનામું. |
| ૩ | **આંક–૯૭** | મહેસુલી રેકર્ડની ખોટી નકલનું પંચનામું. |
| ૪ | **આંક–૯૮** | કુદરતી લખાણનું પંચનામું. |
| ૫ | **આંક–૯૯** | સહીના નમુનાનું પંચનામું. |
| ૬ | **આંક–૧૦૦** | મહેસુલી રેકર્ડની નકલનું પંચનામું. |
| ૭ | **આંક–૧૦૧** | સહીના નમુનાનું પંચનામું. |
| ૮ | **આંક–૧૧૭** | આરોપી નં.૧ ની એફીડેવીટ. |
| ૯ | **આંક–૧૧૮** | આરોપી નં.૨ ની એફીડેવીટ. |
| ૧૦ | **આંક–૧૨૨** | ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ. |
| ૧૧ | **આંક–૧૨૩** | ખોટી સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૧૨ | **આંક–૧૨૪** | સાચી ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ જે રદ થયેલ છે. |
| ૧૩ | **આંક–૧૨૫** | સાચી બ્લોક નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૧૪ | **આંક–૧૨૬** | આરોપી નં.૧દલસુખભાઈ વાલજીભાઈએ ખેડુતનો દાખલો મેળવવા માટેની અરજી. |
| ૧૫ | **આંક–૧૨૭** | આરોપી નં.૨ ગંગારામ મુળદાસએ ખેડુતનો દાખલો મેળવવા માટેની અરજી. |
| ૧૬ | **આંક–૧૨૮** | આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈનો ખેડુત પ્રમાણપત્રનો દાખલો. |
| ૧૭ | **આંક–૧૨૯** | આરોપી નં.૨ ગંગારામ મુળદાસનો ખેડુત પ્રમાણપત્રનો દાખલો. |
| ૧૮ | **આંક–૧૩૩** | સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૧૯ | **આંક–૧૩૪** | સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૨૦ | **આંક–૧૩૫** | સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૨૧ | **આંક–૧૩૬** | સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૨૨ | **આંક–૧૩૭** | સાચી ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ. |

| | | |
|---|---|---|
| ૨૩ | **આંક–૧૩૮** | સર્વે નં.૬૦૬ ના ૮–અ ના ઉતારાની નકલ. |
| ૨૪ | **આંક–૧૪૪** | આરોપી દલસુખભાઈ વાલજીભાઈના સરનામાનો પીજ ગ્રામ પંચાયતનો દાખલો. |
| ૨૫ | **આંક–૧૪૬** | કે.એ.પંડયાનાઓનું ખાતાકીય ઈન્કવાયરી રજુ થયેલ તેઓનું બચાવનામું. |
| ૨૬ | **આંક–૧૪૯** | ત.ક.અ. એન.ડી.સોલંકીનાએ પોલીસ અધિક્ષકશ્રી ખેડાને મોકલેલ દસ્તાવેજ તપાસણી અંગેનો તા.૦૯/૦૭/૦૭ નો પત્ર. |
| ૨૭ | **આંક–૧૫૦** | પોલીસ અધિક્ષક ખેડા–નડીઆદનાઓ ધ્વારા એફ.એસ.એલ. ગાંધીનગરને તકરારી દસ્તાવેજ અંગેનો અભિપ્રાયનો પત્ર. |
| ૨૮ | **આંક–૧૫૧** | એફ.એસ.એલ. કચેરીનો પોલીસ અધિક્ષકશ્રી ખેડાનાઓને પુર્તતા કરવા માટેનો પત્ર. |
| ૨૯ | **આંક–૧૫૨** | ત.ક.અ. નો પોલીસ અધિક્ષક ખેડા–નડીઆદનાઓને તકરારી દસ્તાવેજ અંગે તપાસણી અંગેનો પત્ર. |
| ૩૦ | **આંક–૧૫૩** | પોલીસ અધિક્ષક ખેડા–નડીઆદનાઓ ધ્વારા એફ.એસ.એલ. ગાંધીનગરને તકરારી દસ્તાવેજ અંગેનો અભિપ્રાયનો પત્ર. |
| ૩૧ | **આંક–૧૫૪** | ગામ નમુના નં.૬ હકકપત્રકનું ડી–૧ અને ડી–૩ |
| ૩૨ | **આંક–૧૫૫** | ગામ નમુના નં.૭ નું ડી–૨ અને ડી–૪ |
| ૩૩ | **સંયુકત આંક–૧૫૬** | આરોપી નં.૩ ના સહીના નમુના કુલ ૩૬ એસ–૧ થી એસ–૬ |
| ૩૪ | **સંયુકત આંક–૧૫૭** | માર્ક એસ–૭ થી એસ–૧૨ અને એસ–૧૩ થી એસ–૧૮આરોપી નં.૩ ની સહીના તથા લખાણના નમુના. |
| ૩૫ | **સંયુકત** | માર્ક એસ–૧૯ થી એસ–૨૪ અને એસ–૨૫ થી |

| | | |
|---|---|---|
| | **આંક–૧૫૮** | એસ–૩૦ આરોપી નં.૩ ના સહીના તથા લખાણના નમુના. |
| ૩૬ | **આંક–૧૫૯** | ગામ નમુના નં.૫ સામાન્ય રોકળમેળના રજીસ્ટરના પાના નં.૩૪ થી પાના નં.૪૪ એન–૧ થી એન–૧૨ એન–૧૩ થી એન–૨૪ આરોપી નં.૩ ના કુદરતી લખાણ તથા સહી. |
| ૩૭ | **આંક–૧૬૦** | એફ.એસ.એલ. અધિકારીનો અસલ અભિપ્રાય. |
| ૩૮ | **આંક–૧૬૧** | અભિપ્રાયના વૈજ્ઞાનિક કારણો. |

### (બી) બચાવપક્ષના દસ્તાવેજ

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

### (સી) કોર્ટ દસ્તાવેજ

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

**–:: ઠરાવ ::–**

૪. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી નં.૧ તથા ૨ નાઓ પોતે ખેડુત ખાતેદાર નહી હોય તેમ છતા મામલતદાર કચેરી મહેમદાવાદથી ખેડુત પ્રમાણપત્રો મેળવવા સારું આરોપી નં.૩ ત.ક.મંત્રીના મેળાપીપણાથી ત્રણેય આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી આરોપી નં.૧,૨ નાઓ સણસોલી ગામે બ્લોક નં.૬૦૬ વાળી જમીનના મુળ માલિક સોમાભાઈ બેચરભાઈના વારસદારો નહી હોય તેમ છતા આરોપી નં.૩ નાએ ગામ નમુના નં.૬ હકકપત્રકની ફેરફાર નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧૨/૨૦૦૩ થી પેઢીનામા આધારે આરોપી નં.૧,૨ તથા બીજા સાહેદ નં.૯,૧૦,૧૧ ને વારસદાર તરીકે જણાવી આરોપી નં.૧,૨ તથા સાહેદોના નામો દાખલ કરી ફેરફાર એન્ટ્રી કરી જે એન્ટ્રી સર્કલ ઈન્સ્પેકટરશ્રીએ રદ કરેલ હોય તેમ છતા આરોપી નં.૩

નાએ આરોપી નં.૧,ર નો બ્લોક નં.૬૦૬ ની નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧ર/ર૦૦૩ ની ગામ નમુના નં.૬ મુજબનું પ્રમાણીત થયેલ હોય તેવી નકલ તથા ૭/૧ર ની નકલ તા.૧ર/૦૭/૦૪ ના રોજની નકલો આરોપી નં.૧ તથા ર ને આપી જે મહેસુલી રેકર્ડની નકલો ખોટી હોવાનું આરોપીઓ જાણતા હોવા છતા મહેમદાવાદ મામલતદાર કચેરીથી ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારું ખોટી નકલોનો ખરા તરીકે ઉપયોગ લઈ આરોપી નં.૧ નાએ બ્લોક નં.૬૦૬ વાળી જમીન પોતે ધારણ કરતા હોવાનું જણાવી તા.૦૬/૦૭/૦૪ ના રોજ ખોટું એફીડેવીટ કરી મામલતદાર મહેમદાવાદને અરજી કરી ઉપરોકત જણાવેલ ખોટી નકલો રજુ કરી મામલતદાર કચેરી મહેમદાવાદના નં.જમન/વશી/સણસોલી/રજુ નં.ર૧/૦૪ તા.૧૭/૦૭/૦૪ બ્લોક નં.૬૦૬ વાળી ધારણ કરતા હોવાનું જણાવી તા.૦૮/૦૭/૦૪ ના રોજ ખોટું એફીડેવીટ કરી ઉપરોકત જણાવેલ મહેસુલી રેકર્ડની ખોટી નકલો તથા ખોટું એફીડેવીટ રજુ કરી મામલતદાર મહેમદાવાદના નં.જમન/વશી/સણસોલી/રજુ નં.ર૩/વશી/૯૫૮/૦૪ તા.ર૬/૦૭/૦૪ થી ખેડુત પ્રમાણપત્ર મેળવી ખોટા દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી સરકાર સાથે ઠગાઈ કરી, ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ ,૪ર૦,૧ર૦ બી મુજબનો ગુનો આચરેલ હોય, મહેમદાવાદ પો.સ્ટે. પી.એસ.ઓ. ધ્વારા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૭/ર૦૦૬ થી ગુનો નોંધવામાં આવેલ છે અને સદર ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપતા ત.ક.અ.એ તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ ઉપરોકત પુરાવો પડતા અત્રેની અદાલતમાં **ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪ર૦,૧ર૦ બી** મુજબના ગુનાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

## ૫. <u>કોર્ટ કાર્યવાહી.</u>

સદર કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂઘ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપી હાજર થતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે ક્રિ.પ્રો.કોડની

કલમ–૨૦૭ મુજબ આપવામાં આવેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ **આંક–૧૮** થી તહોમતનામું ફરમાવી **આંક–૧૯ થી આંક–૨૧** થી પ્લી નોંધવામાં આવેલ પ્લી નોંધતા આરોપીઓએ ગુનો કબુલ ન રાખતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ. આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓ ચાલુ કામે મરણ ગયેલ હોય જેઓના મરણનો દાખલો આંક–૧૬૮ તથા આંક–૧૬૮ થી રેકર્ડ પર છે જેથી સદર બંને આરોપીઓ સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. આ કામમાં સાહેદ મંગુબેન અંબાલાલ રાઠોડનો મરણનો દાખલો આંક–૧૬૪ થી રેકર્ડ પર છે, સાહેદ અબ્દુલકાદર નનામીયા સૈયદનો મરણનો દાખલો આંક–૧૬૫ થી રેકર્ડ પર છે, સાહેદ ગંગાબેન નરસીહભાઈ જાદવનો મરણનો દાખલો આંક–૧૩૧ થી રેકર્ડ પર છે, સાહેદ છોટાભાઈ ચંદાભાઈ ડાભીનો મરણનો દાખલો આંક–૧૬૬ થી રેકર્ડ પર છે.

**૬.** સદરહું કેસનો ફરીયાદપક્ષે પુરાવો ધ્યાને લેતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેમના સામેના પુરાવાનો ઈન્કાર કરી બચાવમાં સાહેદો તપાસવા માંગતા નહી હોવાનું જણાવેલ છે.

**૭. <u>દલીલો.</u>**

૭.૧ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૮. <u>મુદ્દાઓ.</u>**

સદરહું કેસમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સામેના ગુનાનું તહોમત ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧**

શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી નં.૧ તથા ૨ નાઓ પોતે ખેડુત ખાતેદાર નહી હોય તેમ છતા મામલતદાર કચેરી મહેમદાવાદથી ખેડુત પ્રમાણપત્રો મેળવવા સારું આરોપી નં.૩ ત.ક.મંત્રીના મેળાપીપણાથી ત્રણેય આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી

આરોપી નં.૧,૨ નાઓ સણસોલી ગામે બ્લોક નં.૬૦૬ વાળી જમીનના મુળ માલિક સોમાભાઈ બેચરભાઈના વારસદારો નહી હોય તેમ છતા આરોપી નં.૩ નાએ ગામ નમુના નં.૬ હકકપત્રકની ફેરફાર નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧૨/૨૦૦૩ થી પેઢીનામા આધારે આરોપી નં.૧,૨ તથા બીજા સાહેદ નં.૯, ૧૦,૧૧ ને વારસદાર તરીકે જણાવી આરોપી નં.૧,૨ તથા સાહેદોના નામો દાખલ કરી ફેરફાર એન્ટ્રી કરી જે એન્ટ્રી સર્કલ ઈન્સ્પેકટરશ્રીએ રદ કરેલ હોય તેમ છતા આરોપી નં.૩ નાએ આરોપી નં.૧,૨ નો બ્લોક નં.૬૦૬ ની નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧૨/૨૦૦૩ ની ગામ નમુના નં.૬ મુજબનું પ્રમાણીત થયેલ હોય તેવી નકલ તથા ૭/૧૨ ની નકલ તા.૧૨/૦૭/૦૪ ના રોજની નકલો આરોપી નં.૧ તથા ૨ ને આપી જે મહેસુલી રેકર્ડની નકલો ખોટી હોવાનું આરોપીઓ જાણતા હોવા છતા મહેમદાવાદ મામલતદાર કચેરીથી ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારું ખોટી નકલોનો ખરા તરીકે ઉપયોગ લઈ આરોપી નં.૧ નાએ બ્લોક નં.૬૦૬ વાળી જમીન પોતે ધારણ કરતા હોવાનું જણાવી તા.૦૬/૦૭/૦૪ ના રોજ ખોટું એફીડેવીટ કરી મામલતદાર મહેમદાવાદને અરજી કરી ઉપરોકત જણાવેલ ખોટી નકલો રજુ કરી મામલતદાર કચેરી મહેમદાવાદના નં.જમન/વશી/સણસોલી/રજુ નં.૨૧/૦૪ તા.૧૭/૦૭/૦૪ બ્લોક નં.૬૦૬ વાળી ધારણ કરતા હોવાનું જણાવી તા.૦૮/૦૭/૦૪ ના રોજ ખોટું એફીડેવીટ કરી ઉપરોકત જણાવેલ મહેસુલી રેકર્ડની ખોટી નકલો તથા ખોટું એફીડેવીટ રજુ કરી મામલતદાર મહેમદાવાદના નં.જમન/વશી/સણસોલી/રજુ નં.૨૩/વશી/૯૫૮/૦૪ તા.૨૬/૦૭/૦૪ થી ખેડુત પ્રમાણપત્ર મેળવી ખોટા દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ

કરી સરકાર સાથે ઠગાઈ કરી, **ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૨૦ બી** મુજબનો ગુનો આચરેલ છે ?

**મુદ્દા નં.૨**

શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ હકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

**૧૦.** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**૧૧.** આરોપીઓ સામે મુકવામાં આવેલ **ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૨૦ બી** મુજબનું તહોમત પુરવાર કરવામાટે ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**૧૨.** આ કામમાં **આંક–૮૪ થી ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું સને ૨૦૦૬ માં મામલતદાર મહેમદાવાદ તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન મહેમદાવાદ તાલુકાના તલાટીશ્રી તરીકે ફરજ બજાવતા ડી.એસ.સોની ધ્વારા મહેસુલી રેકર્ડની ખોટી નકલો આપી અમુક કેસોમાં ખોટી રીતે ખાતેદાર બનાવવામાં મદદ કરેલ છે જેથી મામલતદાર કચેરીમાંથી આપવામાં આવેલ ખેડુત પ્રમાણપત્રો કે જેમા શ્રી ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ નકલોનો ઉપયોગ થયેલ હોય તેવા પ્રમાણપત્રો લઈ ચકાસણી કરતા દલસુખભાઈ વાલજીભાઈ, ગંગારામ મુળદાસ મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામે બ્લોક નં.૬૦૬ વાળી જમીન વારસાઈ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ધારણકર્તા હોવાનું રજુ થયેલ ૭/૧૨ ની નકલ તથા બ્લોક નં.૬૦૬ વાળી જમીનનો ૭/૧૨ દર્શાવતી નકલો રજુ કરેલ. દલસુખભાઈ વાલજીભાઈ તથા ગંગારામ મુળદાસ ધ્વારા અલગ અલગ નોટરીઓ સમક્ષ સોગંદનામા કરી પોતે સણસોલી ગામમા ખેતીની જમીન

બ્લોક નં.૬૦૬ વાળી વારસાઈ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ધારણકર્તા હોવાનું દર્શાવેલ પોતાની અરજી સાથે સોગંદનામું બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નકલ તથા હકકપત્રક, ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ રજુ કરેલ હતી જે આધારે બંને ઈસમોને સને ૨૦૦૪ માં નિયત નમુનામાં ખાતેદાર હોવાના પ્રમાણપત્ર આપવામાં આવેલ. સણસોલી ગામનો અસલ મહેસુલી રેકર્ડ તપાસતા હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ માં શ્રી સોમાભાઈ બેચરભાઈની વારસાઈ તેઓ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે તેમ જણાવી અન્ય ત્રણ ઈસમો સહીત દલસુખભાઈ વાલજીભાઈ તથા ગંગારામ મુળદાસના નામો પણ દર્શાવવામાં આવેલ હતા પરંતું સદરહું ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે તે સમયે રદ કરવામાં આવેલ હતી જેથી તે ફેરફાર નોંધની અસર મહેસુલી રેકર્ડમાં આપી શકાય નહી તેમ છતા ફેરફાર નોંધ નં.૧૦૦૪ ના આધારે દલસુખભાઈ વાલજીભાઈ તથા ગંગારામ મુળદાસ ખેડુત ખાતેદાર જણાયેલ નહી. ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ હોવા છતા ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નકલ તથા હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલમાં ઉપરોકત ઈસમોના નામ દર્શાવેલ હતા અને હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ કે નોંધ પ્રમાણિત થયેલી દર્શાવવામાં આવેલ હતી. અગાઉ શ્રી ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ ખોટી નકલો વિગતવાર અહેવાલ અને દસ્તાવેજો સાથે કલેકટરશ્રી ખેડાને શ્રી ડી.એસ.સોની તેમજ ઉપરોકત બંને ઈસમો દલસુખભાઈ વાલજીભાઈ અને ગંગારામ મુળદાસ વિરૂધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવા માટે મંજુરી આપવા માટે વિનંતી કરેલી. કલેકટરશ્રી ખેડાનાઓએ હુકમથી અમોને ફરીયાદ કરવા અધિકૃત કરેલ અને તે અનુસંધાને અમોએ તા.૦૬/૦૯/૦૬ ના રોજ પો.સ.ઈ.શ્રી મહેમદાવાદને લેખિતમાં ફરીયાદ મોકલી આપેલ હતી જે ફરીયાદ સાથે નીચે મુજબના દસ્તાવેજો સામેલ રાખી મોકલવામાં આવેલ હતા. આરોપી દલસુખભાઈ વાલજીભાઈની સોગંદનામાની નકલ તથા

ગંગારામ મુળદાસ ધ્વારા કરવામાં આવેલ સોગંદનામું, આરોપી દલસુખભાઈ વાલજીભાઈ તથા ગંગારામ મુળદાસ ધ્વારા ખેડુત પ્રમાણપત્ર મેળવવા માટે કરવામાં આવેલ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪, ગામ સણસોલી બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નકલ, ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની ખરી નકલ, બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની ખરી નકલ, દલસુખભાઈ વાલજીભાઈએ પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ અરજીની નકલ, ગંગારામ મુળદાસે પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ અરજીની નકલ, દલસુખભાઈ વાલજીભાઈને આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ, દલસુખભાઈ વાલજીભાઈને આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ નિ.૯૦/૧ થી નિ.૯૦/૧૦ સુધી રેકર્ડ પર છે જે પછી એ.પી.પી.શ્રીએ સદર નિશાનીને આંક પાડવા માટે અરજી આપેલ જે અરજી મંજુર થતા તેને આંક આપવામાં આવેલ જે આંક–૧૧૭ થી આંક–૧૨૯ મે પી.એસ.આઈ. મહેમદાવાદને તા.૦૬/૦૯/૦૬ ના રોજ લેખિત ફરીયાદ આપેલ જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે રજુ દાખલ આંક–૯૧. આ કામમાં આરોપીપક્ષે સદર સાહેદની ઉલટતપાસ લીધેલ નથી જેથી તેઓની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૧૩. આ કામમાં **આંક–૯૪ થી પંચ યાસીનભાઈ નુરમહંમદ વ્હોરા**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, પોલીસે તૈયાર પંચનામામા સહી કરાવેલ જે કઈ બાબતે કરેલ છે તે હું જાણતો નથી. મને એક પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે તેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૯૫. સદર પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ વિગતવાર ઉલટતપાસમાં

પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. બચાવપક્ષે ઉલટતપાસ લેવામા આવેલ નથી.

**૧૪.** આ કામમાં **આંક–૧૦૬ થી સાહેદ બબાભાઈ મથુરભાઈ પરમાર**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, હું સણસોલી ગામે રહુ છું અને મારે સંતાનમાં સાત દીકરીઓ અને એક છોકરો છે. સોમાભાઈ બેચરભાઈ પરમાર મારા ભત્રીજા થાય છે અને તેમને સંતાનમા ત્રણ દીકરીઓ જેમા મોટી દીકરીનું નામ સંતોકબેન તેઓને ઉંટઈ મુકામે પરણાવેલ છે અને બીજી દીકરીનું નામ ગંગાબેન તેઓને પણ ઉંટઈ ગામે પરણાવેલ છે અને ત્રીજી દીકરીનું નામ મંગુબેન જેઓને ખડીયારાપુરા પરણાવેલ છે. આ સોમાભાઈ બેચરભાઈ મારી સાથે જ રહેતા હતા અને આ દીકરીઓના તમામ સામાજીક વ્યવહાર અમો કરતા હતા. આ સોમાભાઈ બેચરભાઈ પરમારનાઓની સણસોલી મુકામે પજીયાણા પાહામાં જમીન આવેલ છે જેનો બ્લોક સર્વે નંબર મને ખબર નથી. આશરે બે વીઘા જમીન હતી આ જમીન પહેલા હું ખેડતો હતો અને આ જમીનમાં પોલીસ કેસ થયેલ અને મને જાણવા મળેલ કે આ જમીનની વારસાઈમાં બે વ્યકિતઓ પેસી ગયેલ જે સોમાભાઈના વારસદાર હતા. મને જાણવા મળેલ કે આ અમદાવાદના વ્યકિતઓ હતા અને આ વાતની જાણ મારા ઘરે પોલીસ આવતા થયેલ અને આ નામો ચઢી જતા પોલીસે મને સોમાભાઈ બેચરભાઈની ત્રણેય દીકરીઓ બોલાવી મહેમદાવાદ આવવાનું કહેલ. આ જમીનમાં સોમાભાઈ બેચરભાઈ અને તેમની ત્રણ દીકરીઓના જ નામ હતા અને આ જમીનમાં મારું પણ નામ હતું. તેમજ આ જમીનમાં કાંતીભાઈ મથુરભાઈ તથા અમૃતભાઈ મહોતભાઈનાઓનું પણ નામ હતું. આરોપીઓને હુ ઓળખતો નથી. અમારી મિલકતમાં બે નામો ચઢેલા તે મે પોલીસના આવવાથી જાણેલ કઈ રીતે ઉમેરેલ તે હું જાણતો નથી. બચાવપક્ષ ધ્વારા સદર

સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ નથી જેથી તેઓની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૧૫. આ કામમાં **આંક–૧૧૨ થી સાહેદ કાંતીભાઈ મથુરભાઈ પરમાર**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું હાલ ખેતી કામ કરુ છુ અને સણસોલી બોદજીપુરા ખેતરમાં રહુ છું. મારે સંતાનમાં બે બાબા અને બે બેબી છે. હું બોદજીપુરા સણસોલીમાં જે ખેતી કરીએ છીએ. હું સોમાભાઈ બેચરભાઈ પરમારને ઓળખુ છું જે અમારા કુટુંબી ભાઈ થાય છે. આ સોમભાઈ સણસોલી મુકામે ખેતી કરતા હતા અને તેઓની જમીન પજીયાપા સણસોલીમાં આવેલ છે જેનો નંબર હાલ મને યાદ નથી. સોમાભાઈ બેચરભાઈને સંતાનમાં ત્રણ દીકરીઓ હતી દીકરો ન હતો. આ દીકરીઓના નામ ગંગાબેન, સંતોકબેન જેઓને ઉંટઈ મુકામે પરણાવેલ અને ત્રીજા મંગુબેનને ખડીયારાપુરા પરણાવેલ. આ સોમાભાઈ બેચરભાઈનાઓની જમીન હું તથા અમરતભાઈ તથા બબાભાઈ વાવતા હતા અને સોમાભાઈ બેચરભાઈ પરમારનાઓની દીકરીઓ સાથે તમામ વ્યવહાર સાચવતા હતા. સોમાભાઈ બેચરભાઈ ૨૦–૨૨ વર્ષ અગાઉ ગુજરી ગયેલ અને ત્યારબાદ આ જમીન અમો તથા મારા ભાઈ ભરતભાઈ તથા બબાભાઈ વાવતા હતા. સોમાભાઈ બેચરભાઈનાઓ ગુજરી ગયેલ અને તેઓની જમીનમાં તેમની વારસાઈ કરાવેલ હોય તેવુ મારા ધ્યાનમાં નથી પરંતું હાલ તેઓની દીકરીઓની વારસાઈ કરાવેલ છે. આ જમીન આ દીકરીઓના ભાણીયાઓએ વેચેલ હોય તેવુ મારા ધ્યાનમાં છે કોને વેચેલ છે તે મને ખબર નથી. આ સોમાભાઈ બેચરભાઈ પરમારની જમીન બાબતે પોલીસ કેસ થયેલ અને પોલીસ આવતા અમોને જાણ થયેલ અને અમો મહેમદાવાદ પો.સ્ટે. ગયેલ તે વખતે સોમાભાઈના દીકરી મંગુબેન જીવતા હોય તેઓ પણ ત્યા આવેલ અને પોલીસે મને જણાવેલ કે આ જમીનમાં કોઈ નામ ચઢેલ છે અને કઈ રીતે ચઢેલ છે તેની પણ જાણ નથી. આ જમીન

માટે કોની સામે કેસ થયેલ તે મને જાણવા મળેલ નહી. આ જમીનમાં સોમાભાઈ બેચરભાઈની દીકરીઓ સીવાય બીજા કોઈના નામ ચઢી ગયેલા આ નામો કઈ રીતે ચઢી ગયેલ તેની મને જાણ નથી.પોલીસે કોની સામે કેસ કરેલ તેની મને જાણ નથી. આ કેસ થયેલ તે વખતે સોમાભાઈ બેચરભાઈની જમીન અમો વાવતા હતા. આ જમીનનો કેસ થયેલ તે સમયે અમારા ગામના તલાટી સોની હતા તેઓનું આખુ નામ હું જાણતો નથી. હું આરોપી નં.૧ અને ૨ ને ઓળખતો નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, હું ધોરણ પાંચ સુધી ભણેલ છું અને લખતા વાંચતા આવડે છે. સોમાભાઈની જમીનમાં જે તે સમયે કોઈને હકક કરેલ નથી. અમો અગાઉ તે જમીન ખેડતા હતા અત્યારે આ જમીન કોણ ખેડે છે તે ખબર નથી. હું જમીનનો દાખલો લેવા માટે તલાટી પાસે ગયેલ નથી. આ જમીન કોના નામે હતી અને તેમા શું ફેરફાર થયા તેની મને ખબર નથી. સોમાભાઈની દીકરીઓ પૈકી કોઈ દીકરી હાલ હયાત નથી તેમના કોઈ વારસદારને હું જાણતો નથી. આ જમીન સરકારી દફતરે કોના નામે ચાલે છે તે હું જાણતો નથી. એ વાત ખરી છે કે સરકારી દફતરમાં જેના નામે જમીન ચાલતી હોય તેના નામે તલાટી દાખલો આપે. સર્વે નં.૬૦૬ હાલ કોના નામે છે અને કોનો કબજો છે કોણ ખેડે છે તે હું જાણતો નથી. હું ગંગારામ અને દલસુખભાઈ વાલજીભાઈ આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈને ઓળખતો નથી.

૧૬. આ કામમાં **આંક–૧૧૩ થી સાહેદ અમરતભાઈ મહોતભાઈ પરમાર**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું ૨૦૦૬ માં સણસોલી મુકામે અમારા બાપદાદાની જમીનમા ખેતી કરતો હતો. મારે સંતાનમાં એક દીકરી અને એક બેબી છે. હું સોમાભાઈ બેચરભાઈ પરમારને ઓળખુ છું જે અમારા કુટુંબી ભાઈ થાય છે. આ સોમાભાઈ સણસોલી મુકામે ખેતી કરતા હતા અને તેઓની જમીન

પજીયાપા સણસોલીમાં આવેલ છે જેનો સર્વે નં.૬૦૬ હતો. આ સોમાભાઈ બેચરભાઈનાઓને સંતાનમાં ત્રણ દીકરીઓ હતી દીકરો ન હતો. આ દીકરીઓના નામ ગંગાબેન, સંતોકબેન જેઓને ઉંટઈ મુકામે પરણાવેલ અને ત્રીજા મંગુબેન ખડીયારાપુરા પરણાવેલ. આ સોમાભાઈ બેચરભાઈ પરમારની જમીન કાંતીભાઈ તથા હું તથા બબાભાઈ વાવતા હતા અને આ જમીન અમો વાવતા હતા અને સોમાભાઈ બેચરભાઈ પરમારની દીકરીઓ સાથે તમામ વ્યવહાર સાચવતા હતા. આ સોમાભાઈ બેચરભાઈ ૫૦–૬૦ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. આ સોમાભાઈ બેચરભાઈ ગુજરી ગયા બાદ આ જમીન અમો તથા મારા ભાઈ ભરતભાઈ તથા બબાભાઈ વાવતા હતા. સોમાભાઈ બેચરભાઈનાઓ ગુજરી ગયેલ અને તેઓની જમીન કોઈએ વારસાઈ કરાવેલ હોય તેવુ મારા ધ્યાનમાં નથી પરંતું હાલ તેઓની દીકરીઓએ તેઓની વારસાઈ કરાવેલ છે. આ જમીન આ દીકરીઓના ભાણીયાઓએ વેચેલ હોય તેવુ મારા ધ્યાનમાં છે કોને વેચેલ છે તે મને ખબર નથી. આ પોલીસ આવતા અમોને જાણ થયેલ અને અમો મહેમદાવાદ પો.સ્ટે. ગયેલ તે વખતે હું, કાંતીભાઈ તથા બબાભાઈ તથા સોમાભાઈની દીકરી મંગુબેન, ગંગાબેન તેઓ પણ ત્યા આવેલ. આ જમીન બાબતે કેસ થયેલ તે મને પાછળથી પણ જાણવા મળેલ નહી અને કોની સામે કેસ થયેલ તે જાણવા મળેલ નહી. સોમાભાઈ બેચરભાઈ ગુજરી ગયા બાદ જમીન કોના નામે ચઢી ગયેલ તેની મને ખબર નથી. પોલીસે કોની સામે કેસ કરેલ તેની મને જાણ નથી. આ કેસ થયેલ તે વખતે સોમાભાઈ બેચરભાઈની જમીન અમો વાવતા હતા. આ જમીનમાં જે કેસ થયેલ તે સમયે અમારા ગામના તલાટી કોણ હતા તે મને ખબર નથી. હું આરોપી નં.૧ અને ૨ ને ઓળખતો નથી. આ કેસ કોની સામે થયેલ તેને હું ઓળખતો નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, હું જમીન અંગે જુબાની આપવા માટે આવેલ છુ તે જમીનનો સર્વે નંબર મને ખબર નથી. સોમાભાઈ ગુજરી ગયેલ તે પછી અમો

બે ભાઈઓએ ખેડવાનુ ચાલુ કરેલ. આ જમીન સરકારી દફતરે કોના નામે ચાલ છે તેની મને ખબર નથી અને સરકારી દફતરે નકલ લેવા માટે હું ગયેલ નથી.

૧૭. આ કામમાં **આંક–૧૧૬ થી સાહેદ સંજયકુમાર ગોવિંદલાલ શાહ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું સને ૨૦૦૭ માં સ્ટેમ્પ વેન્ડર તરીકે મહેમદાવાદ મામલતદાર કચેરીએ બેસતો હતો. મારી ફરજમાં સ્ટેમ્પ લેવા આવે તેને સ્ટેમ્પ આપતો અને નાની મોટી અરજીઓ લખી આપતો હતો. હું મહેમદાવાદ મામલતદાર કચેરી સને ૨૦૦૧ થી ત્યા લાયસન્સ ધરાવતો હતો. ૨૦૦૭ માં મામલતદાર કચેરીમા પોલીસ આવેલ અને ખોટા ખેડુત પ્રમાણપત્ર બાબતે ફરીયાદ થયેલ તે બાબતે પોલીસે મારો જવાબ લીધેલ. આ ખોટુ ખેડુત પ્રમાણપત્ર દલસુખભાઈ વાલજીભાઈ અને ગંગારામ નામની કોઈ વ્યકિત જેનુ આખુ નામ હાલ મને યાદ નથી તેઓ વિરૂઘ્ઘ ખોટા ખેડુત પ્રમાણપત્ર મેળવવા બાબતે ફરીયાદ થયેલ તેવો પોલીસે મારો જવાબ લીધેલ. તે વખતે મે હાથથી લખેલ એફીડેવીટ પોલીસે મને બતાવેલ તે એફીડેવીટ મે હાથે લખેલ જેમા જે સ્ટેમ્પ વાપરેલ તેમા હસ્તે મે રૂ.૨૦/– નો સ્ટેમ્પ લીધેલ અને તેમા મારી સહી છે અને આ સ્ટેમ્પ મે સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ શાહ પાસેથી મહેમદાવાદ તા.૨૩/૦૬/૦૪ ના રોજ લીધેલ. મારી પાસે તે વખતે સ્ટેમ્પ ના હોય આ સ્ટેમ્પ મે કાર્તિકભાઈ પાસેથી લીધેલ અને હસ્તે મે સહી કરેલ. આ સ્ટેમ્પ પેપર ઉપર મે એફીડેવીટ કરેલ જે ખેડુત ખાતેદારના પ્રમાણપત્રની હતી. આ એફીડેવીટ હાલના આરોપી ધર્મેન્દ્રભાઈ સુરેશભાઈ સોની તલાટીનાઓ આવેલ અને તેઓએ મહેમદાવાદ પંચાયતમાં આવતા હોય તેઓને હુ ઓળખું છુ. આ આરોપી ધર્મેન્દ્રભાઈ મારી પાસે ફકત એફીડેવીટ કરાવેલ આ એફીડેવીટ ખેડુત પ્રમાણપત્ર સણસોલી ગામની હતી જેનો સર્વે

નંબર કે ક્ષેત્રફળ કેટલુ હતુ તે હાલ મને યાદ નથી. આ એફીડેવીટ કરવા આરોપી ધર્મેન્દ્રભાઈ તલાટી મારી પાસે આવેલ જેમની સાથે એક કાકા હતા તેઓનું નામ દલસુખભાઈ હતું જેઓને હુ જોયેથી ઓળખુ છું જે હાલ નામ. કોર્ટમાં હાજર નથી. મારી પાસે એફીડેવીટ કરાવવા આવેલ તેવખતે તેઓ પાસે ૭/૧૨ અને ૮–અ હતી જે જોઈને મે એફીડેવીટ લખેલ જે ૭/૧૨ અને ૮–અ ના ઉતારામાં સણસોલી ગામના તલાટીની સહી અને સીકકો હતા. મને પોલીસે એવુ જણાવેલ કે આ ૭/૧૨ અને ૮–અ ના આધારે તમે જે એફીડેવીટ કરેલ તે ૭/૧૨ અને ૮–અ ખોટી હોવાનું જણાવેલ. મે જે વખતે એફીડેવીટ કરેલ તે વખતે ૭/૧૨ અને ૮–અ ખોટી હોય તેવુ મારા ધ્યાનમાં આવેલ નહી. મને પોલીસે જે ૭/૧૨ અને ૮–અ બતાવેલ તે આધારે તલાટી ધર્મેન્દ્રભાઈ સોની અને દલસુખભાઈનાઓએ તે આધારે ખેડુત પ્રમાણપત્રની મારી પાસે એફીડેવીટ કરાવેલ. જે આરોપીઓ સામે પોલીસ ફરીયાદ કરેલ તે આરોપીઓને જોયેથી ઓળખી શકું છું. આરોપી નં.૩ નામ. કોર્ટમાં હાજર છે તેમજ આરોપી નં.૧ નામ. કોર્ટમાં હાજર નથી. મને નિ.૯૦/૧ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે રૂ.૨૦/– ના સ્ટેમ્પ ઉપર મે સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ પી.શાહ પાસેથી જે સ્ટેમ્પ લીધેલ તેમા હસ્તે મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે મારા હસ્તાક્ષરમાં એફીડેવીટ કરેલ જે હસ્તાક્ષર મારા છે અને આ સ્ટેમ્પની નોટરી એચ.એ.પટેલ રૂબરૂ કરેલ જે સ્ટેમ્પમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૧૧૭. તેમજ નિ.૯૦/૨ બતાવવામા આવે છે જે રૂ.૨૦/– નો સ્ટેમ્પ છે જે સ્ટેમ્પ વેન્ડર દેવાંગભાઈ કાંતીલાલ શાહ પાસેથી લીધેલ જે સ્ટેમ્પમાં હસ્તે મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે સ્ટેમ્પ રજુ દાખલ આંક–૧૧૮. જે સ્ટેમ્પ પેપર ઉપર મારા હસ્તાક્ષરમાં લખાણ છે જે એફીડેવીટ ખેડુત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા કરાવેલ. આ સ્ટેમ્પ મારી પાસે આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોનીએ અમદાવાદથી મારી પાસે લેવડાવેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે સ્ટેમ્પ વેન્ડર તરીકે જેને સ્ટેમ્પ વેચીએ તેનુ રજીસ્ટર રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે કોને સ્ટેમ્પ ખરીદ્યો તેનું નામ તથા સહી લેવામાં આવે છે. એ વાત ખરી છે કે અમો જે સ્ટેમ્પ વેચીએ તેની ઉપર સીકકો મારીએ અને તેમા ખરીદનારનું નામ અને સીકકો હોય. એ વાત ખરી છે કે સ્ટેમ્પ લઈ જનાર તેનુ શુ કરે તેની મને ખબર ના હોય. મને આ જે બે સ્ટેમ્પ પેપર બતાવેલ તે લખાણ મારા હાથનું છે અને તે લખાણ મે બે આરોપીના કહેવાથી લખેલ જેની સત્યતા મને ખબર નથી. એ વાત ખરી છે કે આરોપીએ જે હકીકત કહેલ તે હિસાબથી લખેલ. આ બંને સ્ટેમ્પ મે ખરીદેલ અન્ય સ્ટેમ્પ વેન્ડર પાસેથી ખરીદેલ. હું જે સ્ટેમ્પ ખરીદ્યાનું કહુ છું તેની નોંધ મારી પાસે નથી.

૧૮. આ કામમાં **આંક–૧૩ર થી સાહેદ જગદીશભાઈ જયંતીભાઈ પટેલ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ર૦૦૬ માં હું તલાટી કમમંત્રી તરીકે સણસોલી ખાતે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન હું સોજાલી તથા ઘોડાલી ગ્રામ પંચાયતમાં વધારાનો ચાર્જ સંભાળતો હતો જયારે આ સમય દરમ્યાન હું ઘોડાલી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતો હતો ત્યારે મામલતદાર સાહેબે મારો જવાબ લેવા બોલાવેલ હતો. મને મામલતદાર સાહેબશ્રીએ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડા બ્લોક સર્વે નં.૬૦૬ માં વારસાઈ થયેલ તે બાબતે જવાબ લેવા બોલાવેલ જે બ્લોક સર્વે નં.૬૦૬ માં વારસાઈની નોંધ ૧૦૦૪ પડેલ હતી. મને આંક–૧ર૩ બતાવવામાં આવે છે જે બ્લોક સર્વે નં.૬૦૬ છે જે જોઈને હું જણાવુ છું કે આ ૭/૧ર ની નકલમાં સોમાભાઈ બેચરભાઈનું નામ છે તથા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈ છે. આ જે વારસાઈમાં ચઢેલ નામ ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ૭/૧ર ના રેકર્ડમાં ચઢેલા. મને આંક–૧રર

હકકપત્રકનુ ગામ નમુના નં.૬ બતાવવામા આવે છે જે ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે જે નોંધ વારસાઈની છે જે તા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલી છે જે વારસાઈની નોંધ સોમાભાઈ બેચરભાઈના ગુજરી જવાથી તેમના વારસદારોના નામ ઉમેરવા માટે કરેલ હતી જેમા નીચે મુજબના વારસો જોડવા માટેની નોંધ છે જેમા નીચે મુજબના નામો ચઢયાની નોંધ પડેલ (૧) બબાભાઈ મથુરભાઈ, (૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) દલસુખભાઈ વાલજીભાઈ. મને આંક–૧૨૨ બતાવવામા આવે છે જે ફેરફાર નોંધમાં કોલમ તપાસણી કરનાર અમલદારની સહી તથા શેરો લખેલ છે તે કોલમમાં ઉપરની લીટી વંચાતી નથી અને નીચેની લીટી પેઢીનામાના આધારે પ્રમાણિત લખેલ છે જેની નીચે સર્કલ ઓફીસર મહેમદાવાદ તા.૨૨/૦૫/૦૪ ના રોજ પ્રમાણિત થયેલ. આજરોજ મારી પાસે મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડામાં પડેલ બ્લોક સર્વે નં.૬૦૬ ની ૧૯૭૧–૭૨ થી ૨૦૦૩–૦૪, સુધીની નકલ છે જેમા કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનું નામ છે જે અસલ નકલમાં મામલતદાર મહેમદાવાદનો સીકકો છે જે તમામ નકલો આંક–૧૩૩ થી આંક–૧૩૬ આપવામાં આવે છે. આજરોજ મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડા હકકપત્રક ગામ નમુના નં.૬ નોંધ નં.૧૦૦૪ ની નકલ લાવેલ છુ જે તા.૨૬/૦૪/૦૩ ના રોજ વારસાઈની નોંધ પડેલ જે નોધમાં સોભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી જવાથી તેમના વારસોના નામ ગ્રામજનોના બતાવવામાં નીચે મુજબના નામો પેઢીનામાના આધારે દાખલ થયેલ (૧) બબાભાઈ મથુરભાઈ, (૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) દલસુખભાઈ વાલજીભાઈ. આ ફેરફાર નોંધ નં.૧૦૦૪ બ્લોક સર્વે નં.૬૦૬ માં પડેલી જે ફેરફાર નોંધમાં તપાસણી કરનાર અમલદારની સહી શેરોના કોલમમાં જેમા એવો શેરો મારેલ કે પેઢીનામુ જોતા તેમા ચાર ઈસમો ગુજરી ગયેલાનું જણાય છે કોઈપણ મરણનો દાખલો રજુ

થયેલ નથી અરજી પણ નથી જે આધારે આ ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ. જે નોંધ સર્કલ ઓફીસર મહેમદાવાદનાએ રદ કરેલ જે કઈ તારીખે રદ કરેલ તે વંચાતું નથી પરંતું તેમા સાલ ૨૦૦૪ દેખાય છે જે રજુ દાખલ આંક–૧૩૭ આપવામાં આવે છે. મને આંક–૧૨૨ બતાવવામાં આવે છે જે હકકપત્રક ગામ નમુના નં.૬ ફેરફાર નોંધ નં.૧૦૦૪ બતાવવામા આવે છે તેમજ આંક–૧૩૭ જે હકકપત્રક ગામ નમુના નં.૬ ફેરફાર નોંધ નં.૧૦૦૪ બતાવવામાં આવે છે જે બંને નોધો જેમા આંક–૧૩૭ વાળી જે ફેરફાર નોંધ છે તે સાચી છે અને આંક–૧૨૨ વાળી જે નોંધ છે તે ખોટી કહેવાય જે નોંધમાં સણસોલી ગ્રામ પંચાયત તલાટી કમમંત્રીની સહી તથા સીકકો છે જે નોંધતા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલી તે વખતના તલાટી કમમંત્રી તરીકે ડી.એસ.સોનીનાઓ હતા તેઓએ આપેલ. તેઓએ આંક–૧૨૨ વાળી નકલ ખોટી આપેલ. આરોપીને જોયે હુ ઓળખુ છું. આજરોજ મારી સાથે ગામ સણસોલીના ગામ નમુના નં.૮–અ ની નકલ લાવેલ છું જેમા ખાતા નં.૩૩૦ છે જેમા માલિક કબજેદાર તરીકે સોમાજી બેચરજીનાઓનું નામ છે જે અસલ નકલમાં તલાટી કમમંત્રી સણસોલીનાઓના સહી સીકકા છે જે રજુ દાખલ આંક–૧૩૮ આપવામાં આવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, હું સને ૨૦૦૫ થી નોકરીમાં છુ. એ વાત ખરી છે કે હું અને આરોપી એક સ્ટેશન ઉપર કોઈ દિવસ નોકરી કરેલ નથી. એ વાત ખરી છે કે મારા દેખતા આરોપીએ કોઈ નકલ બનાવેલ નથી. એ વાત ખરી છે કે મે જે જુબાની આપેલ છે તે મારી જાત માહિતી નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલ જુબાની રેકર્ડ જોઈને આપેલ છે. એ વાત ખરી છે કે મને હેન્ડ રાઈટીગ એકસપર્ટનું કોઈ જ્ઞાન નથી અને મે આરોપીને કોઈ દિવસ લખતા જોયેલ નથી. અમો સહી પરથી કહું છું કે અક્ષરો હાલના આરોપીના છે. એ વાત ખરી છે કે આરોપી મારા પહેલા

તલાટી તરીકે નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે જયારે નકલ બનાવવામાં આવે ત્યારે નકલ માંગનાર હાજર ન હોય. એ વાત ખરી છે કે નકલ તલાટીના હસ્તાક્ષરમા બનાવેલ તેની જાણ નકલ માંગનારને ખબર ના હોય. એ વાત ખરી છેકે જે વ્યકિતને નકલ આપવામાં આવે છે તે સમજીને જાય કે હાલની નકલ ખરી નકલ છે. એ વાત ખરી નથી કે નકલ લેનારને એ વાતની ખબર ના પડે કે નકલ ખરી બનાવેલ છે કે નહી. નકલ માંગનારને નકલમાં ભુલ થયેલ હોય તે જોઈને ખબર પડે. એ વાત ખરી નથી કે નકલ માંગનારને નકલ આપવામા આવે તે સો ટકા પ્રમાણિત નકલ છે તે કહી ના શકાય, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નકલમાં સીકકો મારવામાં આવેલ છે. એ વાત ખરી છે કે અસલ રેકર્ડ જોયા વગર નકલ આપવામાં આવે તો તે સાચી છે કે ખોટી તે કહી ના શકાય. એ વાત ખરી છેકે આજરોજ અમોએ જે નકલો રજુ કરેલ તે નકલો મે બનાવેલ નથી.

૧૯. આ કામમાં **આંક–૧૪૧ થી સાહેદ ગીરીશભાઈ ભારમલભાઈ બારડ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું સને ૨૦૦૭ મા નાયબ મામલતદાર મહેસુલ મહેમદાવાદ તરીકે ફરજ બજાવતો હતો. મારી ફરજમાં રેવન્યુ ખાતાની કામગીરી જેમા ખેડુત હોવાનું પ્રમાણપત્ર, જમીનને લગતી કામગીરી અને કાયદો અને વ્યવસ્થા આવતી હતી. મારી ફરજમાં ખેડુત ખાતેદારના દાખલા આપવાની કામગીરી આવે છે જે ખેડુત ખાતેદારના દાખલા આપવા માટે જે તાલુકાના ગામમાં અરજદારે પોતાના નામે જમીન આવેલ હોય તે જમીન દફતરની નકલ ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં.૬, એક એફીડેવીટ તથા અરજી લેવામાં આવે છે. સને ૨૦૦૭ માં હું મામલતદાર મહેસુલ તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ખોટા ખેડુત ખાતેદારનો દાખલો મેળવેલ અને આ બાબતે અમારી ઓફીસના તે સમયના મામલતદારશ્રી જોશીનાએ ફરીયાદ આપેલ અને તે બાબતે પોલીસે મારો જવાબ લીધેલ. આ ફરીયાદની વિગત એવી હતી

કે ખેડુત હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદાર દલસુખભાઈ તેઓએ મામલતદાર કચેરી મહેમદાવાદમાં અરજી કરેલ અને આ અરજી સાથે તેઓએ ઉપરોકત જણાવેલ તમામ પુરાવો અરજી સાથે સામેલ રાખેલ હતો જેમા રજુ થયેલ ૭/૧૨, ૮–અ અને હકકપત્રક નં.૬ જેમા સણસોલી તલાટીશ્રીની સહી હતી જેઓનું નામ ધર્મેન્દ્રભાઈ સોની હતુ અને તેઓની સહીવાળી નકલો આ અરજી સાથે સામેલ હતી.મને આંક–૧૨૯ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે ગુજરાત રાજયના ખાતેદાર ખેડુત મુળ જે ગામની ખેતીની જમીન ધારણકર્તા હોય તે તાલુકાના બધા ખેડુતને આપવાનો દાખલાનો નમુનો છે જે મામલતદાર કચેરી મહેમદાવાદ તરફથી આપવામાં આવેલ જે ખેડુત ખાતેદારનો દાખલો હતો જે દાખલો ગંગારામ મુળદાસના નામે આપેલ જેમા મામલતદાર મહેમદાવાદની સહી તથા સીકકો છે. મને આંક–૧૨૮ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે ગુજરાત રાજયના ખાતેદાર ખેડુત મુળ જે ગામની ખેતીની જમીન ધારણકર્તા હોય તે તાલુકાના બધા ખેડુતને આપવાનો દાખલાનો નમુનો છે જે મામલતદાર કચેરી મહેમદાવાદ તરફથી આપવામાં આવેલ જે ખેડુત ખાતેદારનો દાખલો હતો જે દાખલો દલસુખભાઈ વાલજીભાઈના નામે આપેલ જેમા મામલતદાર મહેમદાવાદની સહી તથા સીકકો છે. મને આંક–૧૨૭ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તે મામલતદાર કચેરીમાં અરજદાર ગંગારામ મુળદાસનાએ ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે મામલતદાર કચેરી મહેમદાવાદ અરજી કરેલ જેમા અરજદાર ગંગારામ મુળદાસની સહી છે જે અરજી અમારી પાસે અમારી ઓફીસમાં મહેસુલ કલાર્કનાઓએ મોકલેલ જે અરજી સાથે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવાના જરૂરી દસ્તાવેજો સાથે અમારી તરફ મોકલેલ તે અરજીને માન્ય રાખી તેમા મે મારી સહી કરેલ. મને આંક–૧૨૬ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તે મામલતદાર કચેરીમાં અરજદાર દલસુખભાઈ વાલજીભાઈનાએ ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે મામલતદાર કચેરી

મહેમદાવાદ અરજી કરેલ જેમા અરજદાર દલસુખભાઈ વાલજીભાઈની સહી છે જે અરજી અમારી પાસે અમારી ઓફીસમાં મહેસુલ કલાર્કનાઓએ મોકલેલ જે અરજી સાથે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવાના જરૂરી દસ્તાવેજો સાથે અમારી તરફ મોકલેલ તે અરજીને માન્ય રાખી તેમા મે મારી સહી કરેલ. મને આંક–૧૨૫ ગામ નમુના નં.૭/ અને ૭/૧૨ બતાવાવમા આવે છે જે જોઈને કહુ છુ કે તે મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જેનો બ્લોક નં.૬૦૬ છે જેમા કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનુ નામ છે જેમા મામલતદારશ્રી મહેમદાવાદની સહી તથા સીકકો છે. મને આંક–૧૨૪ બતાવવામા આવે છે જે હકકપત્રક ગામ નમુના નં.૬ જે ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે નોંધ તા.૨૬/૧૨/૦૩ ના રોજ વારસાઈ માટે પડેલ છે જેમા જમીન માલિક સોમાભાઈ બેચરભાઈ ગુજરી જવાથી તેમના વારસોના નામ ગ્રામજનોના બતાવ્યા મુજબના બનાવી નીચે મુજબના નામો પેઢીનામા આધારે નીચે મુજબ છે (૧) બબાભાઈ મથુરભાઈ, (૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) વાલજીભાઈ સોમાભાઈના નામો દાખલ કરવા નોંધ પડેલ જે નોંધ પેઢીનામું જોતા તેમા ચાર વારસ ગુજરી ગયેલ જણાય છે જેમા એકનો મરણનો દાખલો નથી જેથી તે ફેરફાર નોંધ સર્કલ ઓફીસર મહેમદાવાદનાઓએ રદ કરેલ. મને આંક–૧૨૩ ગામ નમુના નં.૭/૧૨ બતાવવામા આવે છે જે નકલ બ્લોક નં. ૬૦૬ ની છે જેમા કબજેદાર તરીકે બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ અને દલસુખભાઈ વાલજીભાઈ છે જે નામો ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ૭/૧૨ ની નકલોમાં ચઢેલ હોવાનું કહી શકાય. આંક–૧૨૪ ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ હોય તો તે નોંધ ૭/૧૨ ના રેકર્ડમાં આવે નહી જેથી હું જણાવુ છું કે આંક–૧૨૩ ૭/૧૨ માં આ કબજેદારોના નામ ખોટા ચઢેલ હોવાનું કહી શકાય. મને આંક–૧૨૨ હકકપત્રક બતાવવામાં આવે છે જે ફેરફાર નોંધ

નં.૧૦૦૪ છે જે નોંધ તા.૨૬/૧૨/૦૩ વારસાઈની નોંધ બ્લોક નં.૬૦૬ માં સોમાભાઈ બેચરભાઈ ગુજરી જવાથી તેમના વારસદારોના નામ લખેલ છે જેમા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈ છે જે નોંધ પેઢીનામા આધારે સર્કલ ઓફીસરશ્રીએ પ્રમાણિત કરેલ છે જે ફેરફાર નોંધની નકલ તલાટી કમમંત્રીશ્રી સણસોલી ગ્રામ પંચાયત તા.મહેમદાવાદનાએ આપેલ. મને આંક–૧૨૪ અને આંક–૧૨૨ બતાવવામાં આવે છે આ બંને નકલ જે હકકપત્રકવાળી નકલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે જેમા એક નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ તરફથી આપવામાં આવેલ છે અને બીજી નકલ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયતે આપેલ છે જેમા મામલતદાર કચેરી તરફથી આપવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે રદ થયેલ છે અને તલાટી કમમંત્રી તરફથી આપવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ પ્રમાણિત થયેલ નકલ છે જે બંને નકલમાં સાચી નકલ મામલતદાર તરફથી આપવામાં આવેલ છે. આંક–૧૨૨ વાળી ફેરફાર નોંધ નં.૧૦૦૪ તલાટી કમમંત્રી સણસોલી તરફથી આપવામાં આવેલ નકલ ખોટી છે. મને આંક–૧૧૮ બતાવવામા આવે છે જે જોઈને કહુ છું કે ગંગારામ મુળદાસનાએ એક એફીડેવીટ કરેલ જે એફીડેવીટમાં ગંગારામનાએ જણાવેલ કે ગામ વાસવા, તા.વીરમગામની જમીનના સર્વે નં.૨૭૧ ક્ષે.હે.આરે. ૩–૦૯–૫૮ પૈકી મુકેશભાઈ પોપટભાઈના ભાગમાં જે જમીન આવેલ છે એટલે કે હે.આરે. ૧–૫૪–૭૯ વાળી વેચાણથી લેવાની હોય આ એફીડેવીટ રજુ કરેલ છે. મને આંક–૧૧૭ બતાવવામા આવે છે જે જોઈને કહુ છું કે દલસુખભાઈ વાલજીભાઈનાએ એક એફીડેવીટ કરેલ જે એફીડેવીટમાં દલસુખભાઈનાએ જણાવેલ કે ગામ પીજ, તા.નડીઆદ ગામની જમીનના બ્લોક નં.૨૪૩૧ ક્ષે.હે.આરે. ૧–૫૬–૯૭ માં એન્ટ્રી પાડવાની હોવાથી મારે ખેડુત અંગેનો દાખલો મેળવવા માટે આ એફીડેવીટ કરેલ છે. આરોપી દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ તથા આરોપી ગંગારામ મુળદાસ

જોશીનાએ ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા અરજી કરેલ જે અરજીઓ ખોટી હતી અને તેઓ સામે મામલતદારશ્રીએ ફરીયાદ કરેલ. આ બંને આરોપીઓ સીવાય બીજા કોઈ આરોપી સામે ફરીયાદ થયેલ હોય તેવુ મારી જાણમા નથી. આરોપી સામે કેસ થયે ઘણો સમય થયેલ હોય આરોપીઓને હું ઓળખી શકું નહી. આ કામે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા આરોપીઓએ અરજી કરેલ તે સમયે આ અરજી સાથે રજુ કરેલ ૭/૧૨ અને ૮–અ તથા ગામ નમુના નં.૬ ની નકલ આપનાર તલાટીને હું ઓળખુ છુ જે તલાટીનું નામ ધર્મેન્દ્ર સોની હતું.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે અમોએ જે જુબાની આપેલ તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં કોઈ લખાણ કરેલ નથી અને અમોએ હાલનુ રેકર્ડ જોઈ જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે અમોએ અસલ રેકર્ડ જોયેલ નથી. એ વાત જરૂરી નથી કે કોઈપણ ડોકયુમેન્ટ ખરો છે કે ખોટો તે માટે અસલ ડોકયુમેન્ટ જોવા પડે. એ વાત ખરી છે કે અમોએ જે ડોકયુમેન્ટ અમારી સરતપાસમા રેકર્ડ કરેલ તે ડોકયુમેન્ટ લખતા મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે દસ્તાવેજ ખોટો છે કે સાચો છે તે અંગે અભિપ્રાય આપી શકું નહી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં કોઈ ડોકયુમેન્ટ થયેલ નથી. એ વાત ખરી નથી કે જે ડોકયુમેન્ટ અંગે જુબાની આપેલ તે ડોકયુમેન્ટ અમોએ જોયેલ નથી, મે રેકર્ડ વાંચીને જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે કાગળોની સત્યતા અંગે હું કહી ના શકું.

**૨૦.** આ કામમાં **આંક–૧૪૫ થી સાહેદ કિશોર આનંદશંકર પંડયા**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૦–૦૭ સુધી હું મહેમદાવાદ મામલતદાર તરીકે ફરજ બજાવતો હતો. મારી કામગીરીમાં મહેસુલ, નાગરીક પુરવઠા, એકઝીકયુટીવ

મેજીસ્ટ્રેટ તરીકે કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ સરકારશ્રીના અલગ અલગ પરિપત્રોથી નિયત કામગીરી કરવામાં આવે છે. મહેસુલ કામગીરીમાં તાલુકાના ખેડુત ખાતેદારોનો ખાતેદાર હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા અંગે કામગીરીનો સમાવેશ થાય છે. ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે જે તે ખેડુતે જે ગામે તેઓની જમીન આવેલ હોય તે ગામના મહેસુલ રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં.૬ ની નોંધ તેમજ પોતે ખેડુત ખાતેદાર હોવાનું એફીડેવીટ તેની અરજી મામલતદાર કચેરીમાં કરવાની હોય છે. મારા અનુગામી મામલતદાર તરીકે આર.એલ.શાહ આવેલ. આર.એલ.શાહે તલાટી કમમંત્રી સણસોલી ધ્વારા બિનખેડુત વ્યકિતને ખેડુત ખાતેદારનો દાખલો અપાવવા માટે મહેસુલી રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં. ૬ વગેરે ઉપજાવી કાઢેલ અને મુળ રેવન્યુ રેકર્ડ સાથે સુસંગત ન હોય તેવી નકલો આપી ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા મદદગારી કરેલ. અરજદારને ખેડુત ખાતેદાર હોવા અંગેના ખોટા પ્રમાણપત્ર મેળવવા માટે ધર્મેન્દ્રભાઈ સોની જે તે વખતના તલાટી કમમંત્રી સણસોલી ધ્વારા અરજદારને સ્ટેમ્પ વેન્ડર પાસે લઈ જવામા આવેલ અને સ્ટેમ્પ અપાવવામાં મદદ કરેલ. આ ઉપરાંત અમદાવાદથી પણ સ્ટેમ્પ મેળવવા માટે આ ખેડુત ખાતેદાર થવા અરજદારને મદદ કરેલ. આ બાબત અમોને સંજયભાઈ શાહ સ્ટેમ્પ વેન્ડર મહેમદાવાદનાએ તેમના આપેલ સ્ટેટમેન્ટ ઉપરથી જાણવા મળેલ જે સ્ટેટમેન્ટની નકલ કેસના કામે નામ. કોર્ટમાં મુકવામા આવેલ છે. મને આંક–૧૨૯ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર છે જે ગંગારામ મુળદાસને તેમના ખાતા નં.૩૦૩ અને સણસોલી ગામના બ્લોક નં.૬૦૬ ની જમીનનું છે જેમા પ્રમાણપત્રમાં મારી ઈનીશીયલ સહી છે આ પ્રમાણપત્ર તેમને વીરમગામ તાલુકાના વાસવા ગામે ખરીદવાના હેતુસર મળવા માટે માંગણી કરેલ છે. મને આંક–૧૨૮ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર છે જે દલસુખભાઈ વાલજીભાઈને તેમના ખાતા નં.૩૦૩

અને સણસોલી ગામના બ્લોક નં.૬૦૬ ની જમીનનું છે જેમા પ્રમાણપત્રમાં મારી ઈનીશીયલ સહી છે આ પ્રમાણપત્ર તેમને નડીઆદ તાલુકાના પીજ ગામે ખરીદવાના હેતુસર મળવા માટે માંગણી કરેલ છે. મને આંક–૧૨૭ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે આ અરજી ખેડુત દાખલો મેળવવા માટે ગંગારામ મુળદાસ ધ્વારા મામલતદારશ્રી મહેમદાવાદને ઉદ્દેશીને કરવામાં આવેલ છે જેની નીચે ગંગારામ મુળદાસ લખેલ છે જેઓની સહી હોવાનુ કહી શકાય. અરજી સાથે તેમની એફીડેવીટ તેમજ ૭/૧૨ ની નકલ સામેલ રાખેલ હોવાનું જણાયેલ છે. જે અરજી પાછળ લખવામાં આવેલ રીમાર્કસ જોઈને જણાવુ છુ કે મામલતદાર કચેરીના કલાર્ક ધ્વારા સદરહું અરજી પરત્વે નોંધ મુકવામા આવેલ છે જેમા નોંધ મુકનાર કલાર્ક વેરીફાઈ કરનાર નાયબ મામલતદારના હોદ્દા પર સહી કરવામાં આવેલ છે જે સહી નાયબ મામલતદારશ્રી બારડની છે. મને આંક–૧૨૬ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે આ અરજી ખેડુત દાખલો મેળવવા માટે દલસુખભાઈ વાલજીભાઈ ધ્વારા મામલતદારશ્રી મહેમદાવાદને ઉદ્દેશીને કરવામાં આવેલ છે જેની નીચે દલસુખભાઈ વાલજીભાઈ લખેલ છે જેઓની સહી હોવાનુ કહી શકાય. અરજી સાથે તેમની એફીડેવીટ તેમજ ૭/૧૨ ની નકલ સામેલ રાખેલ હોવાનું જણાયેલ છે. જે અરજી પાછળ લખવામાં આવેલ રીમાર્કસ જોઈને જણાવુ છુ કે મામલતદાર કચેરીના કલાર્ક ધ્વારા સદરહું અરજી પરત્વે નોંધ મુકવામા આવેલ છે જેમા નોંધ મુકનાર કલાર્ક વેરીફાઈ કરનાર નાયબ મામલતદારના હોદ્દા પર સહી કરવામાં આવેલ છે જે સહી નાયબ મામલતદારશ્રી બારડની છે. મને આંક–૧૨૫ બતાવવામા આવે છે જે જોઈને કહુ છું કે સણસોલી ગામ નમુના નં.૭–અ અને ૭/૧૨ ની નકલ છે જે કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનું નામ દર્શાવવામાં આવેલ છે. જે પાણીપત્રક જોતા સને ૨૦૦૩–૦૪ માં સોમાભાઈ બેચરભાઈ દર્શાવવામા આવેલ છે. સદરહું નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ ધ્વારા તા.૦૭/૦૬/૦૬ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ

છે અને તેમા કચેરીનો સીકકો છે. મને આંક–૧૨૪ બતાવવામા આવે છે જે જોઈને કહુ છું કે સણસોલી ગામ નમુના નં.૬ ની ફેરફાર નોંધ છે જે તા.૨૬/૧૨/૦૩ ની અસલ નોધ  છે આ નોંધ જોતા તેમા જણાવ્યા પ્રમાણે સોમાભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ હોય પેઢીનામા આધારે તેમના નામો વારસદાર તરીકે બ્લોક નં.૬૦૬ વાળી જમીનમાં ચઢાવવા માટેની નોંધ છે તેમા જણાવ્યા પ્રમાણે પાંચ વારસદારો છે જે બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ મુળદાસ, વાલજીભાઈ સોમાભાઈના નામો દર્શાવવામાં આવેલ છે જે નોંધમાં દર્શાવેલ શેરો જોતા જણાવુ છુ કે ગુજરી ગયેલ ઈસમોના મરણના દાખલા રજુ થયેલ ન હોય નોંધ રદ કરવામાં આવેલ છે. સદર નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ ધ્વારા તા.૦૭/૦૬/૦૬ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે જેમા કચેરીનો સીકકો છે. મને આંક–૧૩૦ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે મહેમદાવાદ તાલુકા સણસોલી ગામના બ્લોક નં.૬૦૬ ની ગામ નમુના નં.૭/૧૨ ની નકલ છે જેમા કબજેદારનું નામ સોમાભાઈ બેચરભાઈ દર્શાવેલ છે તથા તે નામને કૌંસમાં લખેલ છે તેમા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ મુળદાસ અને દલસુખભાઈ વાલજીભાઈના નામ દર્શાવેલ છે તે નામની નીચે નોંધ નં.૧૦૦૪ દર્શાવવામાં આવેલ છે જે ફેરફાર નોંધ કહેવાય. આ નકલ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયત ડી.એસ.સોની ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ જે તા.૧૨/૦૭/૦૪ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે. મને આંક–૧૨૨ બતાવવામા આવે છે જે જોઈને જણાવુ છુ કે આ મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામના હકકપત્રકની નકલ છે જે નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલ છે જે વારસાઈ અંગેની નોંધ છે જેમા જણાવ્યા પ્રમાણે સોમાભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી જતા તેમના વારસોના નામ પેઢીનામા આધારે દાખલ કરવામાં આવેલ છે જે જોતા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈના

નામ છે નોંધનો શેરો જોતા જણાવુ છુ કે " પેઢીનામા આધારે પ્રમાણિત અને સર્કલ ઓફીસર તેવુ લખેલ છે. આ નકલ તલાટી કમમંત્રીશ્રી ડી.એસ.સોની સણસોલી ગ્રામ પંચાયત ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે જેમા તારીખ વંચાતી નથી."

**આંક–૧૨૨ તથા આંક–૧૨૪ બંને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે બંને વારસાઈ નોંધો છે જે બંને નોધોના નં.૧૦૦૪ છે પરંતું આંક–૧૨૪ માં દર્શાવવામા આવેલ નોંધ રદ કરવામાં આવેલ છે જયારે આંક–૧૨૨ ની નોંધ પ્રમાણિત દર્શાવવામા આવેલ છે. આંક–૧૨૪ જોઈને જણાવુ છુ કે તેમા દર્શાવેલ નોંધ નીચે સર્કલ ઓફીસર મહેમદાવાદનો હોદ્દો તથા સહી લેવામાં આવેલ છે જે નોંધ રદ થયેલ છે જયારે આંક–૧૨૨ ની નોંધમાં કોઈ સહી થયેલ નથી. વધુમાં જણાવુ છુ કે આંક–૧૨૪ થી રજુ થયેલ નકલ જે મામલતદાર કચેરી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે જે સાચી નકલ છે. જયારે આંક–૧૨૨ માં દર્શાવવામા આવેલ નકલ ખોટી અને રેવન્યુ રેકર્ડથી અસંગત નકલ છે. જે તે વખતના તલાટીશ્રી ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ છે.** મને આંક–૧૧૮ બતાવવામા આવે છે જે જોઈને જણાવુ છુ કે સદરહું સ્ટેમ્પ રૂ.૨૦/– નો છે તથા તા.૦૮/૦૭/૦૪ ના રોજ ગંગારામ મુળદાસના નામે દેવાંગ કાંતીલાલ શાહ અમદાવાદના સ્ટેમ્પ વેન્ડરે ઈસ્યુ કરેલ છે. સદરહું સ્ટેમ્પ પેપરનું લખાણ જોતા જણાવુ છુ કે ગંગારામ મુળદાસ તેઓની સણસોલી ગામના ખેડુત ખાતેદાર હોવાની એફીડેવીટ કરેલ છે જે એફીડેવીટ અમદાવાદના નોટરી સમક્ષ કરેલ છે. મને આંક–૧૧૭ બતાવવામા આવે છે જે જોઈને જણાવુ છુ કે સદરહુ સ્ટેમ્પ રૂ.૨૦/– નો છે તથા તા.૨૩/૦૬/૦૪ ના રોજ દલસુખભાઈ વાલજીભાઈના નામે મહેમદાવાદના સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ શાહ ધ્વારા આપવામાં આવેલ છે જેમા હસ્તે સંજય શાહ લખેલ છે. જે નોટરી ધ્વારા સદરહુ સ્ટેમ્પ પરનું લખાણ જોતા જણાવુ છુ કે દલસુખભાઈ વાલજીભાઈ જેઓ સણસોલી ગામના ખેડુત હોવાની એફીડેવીટ કરેલ છે જે એફીડેવીટ નોટરી

એચ.એ.પટેલ ખેડા સમક્ષ કરેલ છે. મને આંક–૧૨૮ અને આંક–૧૨૯ બતાવવામા આવે છે જે ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે જેમા મારી સહી છે આ પ્રમાણપત્રો બિનખેડુતોને ઈસ્યુ કરવામાં આવેલ હોય તે અંગે ફરીયાદ તલાટી સણસોલી ડી.એસ.સોની સામે કરેલ છે બીજા કોઈ સામે કરેલ હોય તેની મને જાણ નથી. આરોપી નં.૩ ડી.એસ.સોનીને જોયેથી ઓળખુ છુ જે તે જ છે. આ ફરીયાદ જયારે થયેલ તે સમયે તલાટી કમમંત્રી હાલના આરોપી હતા. આ બાબતે ગુજરાત સરકારના મહેસુલ વિભાગ ધ્વારા તા.૩૦/૦૬/૦૯ થી આરોપનામું આપવામાં આવેલ જેના જવાબમાં અમોએ સરકારશ્રીમાં રજુ કરેલ બચાવ કે જે દલસુખભાઈ વાલજીભાઈ તથા ગંગારામ મુળદાસને આપવામાં આવેલ ખેડુત ખાતેદાર હોવાનું પ્રમાણપત્ર મેળવેલ છે જે આજરોજ રજુ કરુ છુ જેમા મારી સહી તથા હોદ્દો છે જે રજુ દાખલ આંક–૧૪૬ આપવામા આવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, હું સને ૨૦૦૨ થી ૨૦૧૩ સુધી અલગ અલગ તાલુકામા મામલતદાર તરીકે ફરજ બજાવેલ છે. એ વાત ખરી નથી કે અમારા ખાતામા કોને શુ કામગીરી કરેલ તેની કોઈ લેખિત નોંધ નથી. એ વાત ખરી નથી મે જે કોઈ દસ્તાવેજો રજુ કરેલ છે તેની કાર્યવાહી મારા રૂબરૂ થયેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ આપવા નમુના નં.૬ ઉપજાવી કાઢેલ. એ વાત ખરી છે કે આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોની મારી રૂબરૂમાં અરજદારને સ્ટેમ્પ વેન્ડરો પાસે લઈ ગયેલ નથી. મને આંક–૧૨૭ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા ગંગારામ મુળદાસ લખેલ હોય તેવુ અનુમાન કરુ છુ કે તેમની સહી છે.

૨૧. આ કામમાં **આંક–૧૪૮ થી સાહેદ મહેશકુમાર મનુભાઈ વડગામા**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે,

અમો હાલ નાયબ મુખ્ય સાક્ષર નિષ્ણાંત તરીકે હેન્ડ રાઈટીગ વિભાગમાં એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવીએ છીએ. મહેમદાવાદ પો.સ્ટ. ફ.ગુ.ર.નં.૧૬૭/૦૭ ના કામે દસ્તાવેજો પો.સ.ઈ. મહેમદાવાદના પત્ર તથા દસ્તાવેજો રજુ દાખલ આંક–૧૪૯ પત્રની સાથે પોલીસ અધિક્ષક ખેડા નડીઆદના પત્ર તા.૧૦/૦૭/૦૭ ના પત્રથી અમારી કચેરીમાં કેસના દસ્તાવેજો ચકાસણી અર્થે આવેલા જે અસલ પત્રો આજરોજ હું રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૧૫૦ આપવામાં આવે છે. સદર કેસમાં જરૂરી ખામીઓની પુર્તતા કરવા માટે અમારી કચેરીના નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતના પત્ર તા.૧૨/૦૭/૦૭ ના પત્રથી અસલ તમામ દસ્તાવેજો પુર્તતા કરવા સારું મહેમદાવાદ પો.સ્ટે. નાઓને પરત કરવામાં આવેલ જે પત્ર આજરોજ હું મારી સાથે લાવેલ છું જેને રજુ દાખલ આંક–૧૫૧ આપવામાં આવે છે. સદર કેસના દસ્તાવેજો તા.૩૦/૦૮/૦૭ ના પત્ર કે જેમા તકરારી દસ્તાવેજનું વર્ણન તથા નમુનાના દસ્તાવેજોનું વર્ણન, કુદરતી દસ્તાવેજોનું વર્ણન અને પ્રશ્નોતરી હતી જે આ પત્ર સાથે સામેલ છે જેને રજુ દાખલ આંક–૧૫૨. પોલીસ અધિક્ષક ખેડા–નડીઆદના પત્ર તા.૩૦/૩૧–૦૭–૦૭ ના પત્રથી અમારી કચેરીમાં તપાસ અર્થે આવેલ જે અસલ પત્ર રજુ દાખલ આંક–૧૫૩. સદરહું કેસમાં તકરારી દસ્તાવેજ તરીકે ગામ નમુના નં.૬ નુ હકકપત્રક કે જેમા તકરારી લખાણ અને સહી જેને અમોએ ડી/૧ અને ડી/૩ માર્ક આપેલ છે જેમા અમોએ લાલ પેન્સીલથી ગોળ કુંડાળુ કરી તકરારી સહીને માર્ક ડી/૧ અને તકરારી લખાણને માર્ક ડી/૩ આપેલ છે જેમા અમારી કચેરીના એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા મારી ટુંકી સહી છે જે આજરોજ મને અસલ બતાવવામાં આવે છે જેને રજુ દાખલ આંક–૧૫૪. સદરહું કેસમાં તકરારી દસ્તાવેજ તરીકે ગામ નમુના નં.૭/૧૨ કે જેમા તકરારી લખાણ અને સહી જેને અમોએ ડી/૨ અને ડી/૪ માર્ક આપેલ છે જેમા અમોએ લાલ પેન્સીલથી ગોળ કુંડાળુ કરી તકરારી સહીને માર્ક ડી/૨ અને તકરારી લખાણને માર્ક ડી/૪ આપેલ છે જેમા અમારી કચેરીના એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા

મારી ટુંકી સહી છે જે મને બતાવવામા આવે છે જે મે તપાસેલ છે જેને રજુ દાખલ આંક–૧૫૫. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાનો દસ્તાવેજ તરીકે માર્ક એસ/૧ થી એસ/૬ કે જે છ કોરા કાગળ ઉપર લેવામા આવેલ છે જેને અમોએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એસ/૧ થી એસ/૬ આપેલ છે જેમા અમારી કચેરીનો એ.બી. કેસ નં. ૪૪૮/૦૭ આપેલ છે જેમા મારી ટુંકી સહી છે જે આજરોજ મને અસલ બતાવવામાં આવે છે જેને સંયુકત આંક–૧૫૬. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાનો દસ્તાવેજ તરીકે માર્ક એસ/૭ થી એસ/૧૨ કે જે નમુનાની સહીઓ છે અને માર્ક એસ/૧૩ થી એસ/૧૮ કે જે નમુનાના લખાણ છે જે સહીઓ અને લખાણ ગામના નમુના નં.૬ હકકપત્રકના ફોર્મ ઉપર લેવામાં આવેલ છે જે કુલ છ ફોર્મ છે જેમા અમોએ માર્ક એસ/૭ થી એસ/૧૨ થી અને એસ/૧૩ થી એસ/૧૮ આપેલ છે જેમા અમોએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એસ/૭ થી એસ/૧૨ અને એસ/૧૩ થી એસ/૧૮ આપેલ છે જેમા અમારી કચેરીનો એ.બી. કેસ નં. ૪૪૮/૦૭ આપેલ છે જેમા મારી ટુંકી સહી છે જે આજરોજ મને બતાવવામા આવે છે જે સંયુકત આંક–૧૫૭. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાના દસ્તાવેજ તરીકે માર્ક એસ/૧૯ થી એસ/૨૪ કે જે નમુનાની સહીઓ છે અને માર્ક એસ/૨૫ થી એસ/૩૦ કે જે નમુનાના લખાણ છે જે સહીઓ અને લખાણ ગામના નમુના નં.૭/૧૨ ના બે અસલ ફોર્મ અને ચાર ઝેરોક્ષ ફોર્મ ઉપર લેવામાં આવેલ છે જે નમુનાના લખાણને અમોએ માર્ક એસ/૧૯ થી એસ/૨૪ થી અને એસ/૨૫ થી એસ/૩૦ આપેલ છે જેમા અમોએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એસ/૧૯ થી એસ/૨૪ અને એસ/૨૫ થી એસ/૩૦ આપેલ છે જેમા અમારી કચેરીનો એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા મારી ટુંકી સહી છે જે આજરોજ મને બતાવવામા આવે છે જે સંયુકત આંક–૧૫૮. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાનો

દસ્તાવેજ ઉપરાંત કુદરતી લખાણ અને સહીઓ કે જે નમુના નં.૫ સામાન્ય રોકડમેળના રજીસ્ટરના પાના નં.૩૪ થી પાના નં.૪૪ સુધી કુદરતી લખાણ અને સહીઓને માર્ક એન/૧ થી એન/૨૪ આપેલ છે જે કુદરતી લખાણ અને સહીઓને અમોએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એન/૧ થી એન/૨૪ આપેલ છે જેમા અમારી કચેરીનો એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા મારી ટુંકી સહી છે જે આજરોજ મને બતાવવામા આવે છે જે મે તપાસેલ છે જે નમુના નં.૫ સામાન્ય રોકળમેળ આંક–૧૫૯. ઉપરોકત તકરારી દસ્તાવેજો, નમુનાના દસ્તાવેજો, કુદરતી દસ્તાવેજોનું જરૂરી વૈજ્ઞાનિક સાધનોથી સઘન અને તલસ્પર્શી પરીક્ષણ બાદ અમો એવા અભિપ્રાય ઉપર આવેલ છે કે, " **જે વ્યકિતએ વાદળી કુંડાળુ કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહીઓ માર્ક એસ/૧ થી એસ/૩૦ અને એન/૧ થી એન/૨૪ લખેલ છે તે જ વ્યકિતએ લાલ કુડાળુ કરેલ તકરારી લખાણ અને સહીઓ માર્ક ડી/૧ થી ડી/૪ લખેલ છે." જે કોમ્પ્યુટરાઈઝ ટાઈપ કરેલ અભિપ્રાયમાં મારી તથા મારા સાથી કર્મચારી શ્રીમતી ડી.જે.શાહની સહી છે જે બંને સહીઓ આજરોજ હું ઓળખી બતાવુ છુ જે અભિપ્રાય અમોએ હાલના કામે આપેલ જે રજુ દાખલ આંક–૧૬૦. ઉપરોકત અભિપ્રાય ઉપર આવવા માટે જરૂરી વૈજ્ઞાનિક કારણો જે કુલ બે પાનામા છે જેમા બંને પાનામા મારી સહી છે જે રજુ દાખલ આંક–૧૬૧.**

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત હું કહી ના શકું કે હસ્તાક્ષર વિજ્ઞાન એ સો ટકા ગેરેન્ટેડ નથી. એ વાત હું કહી ના શકુ કે હસ્તાક્ષર અને ફિંગરપ્રિન્ટ વચ્ચે જમીન આસમાનનો ફર્ક છે. એ વાત ખરી નથી કે અમો હેન્ડ રાઈટીગ એક્ષપર્ટ તરીકેને તમામ લાયકાત ધરાવતા નથી. એ વાત ખરી છે કે અમોને અગાઉ જણાવવામા આવેલ કે મોકલેલ નમુનાને કયા તકરારી નમુના સાથે સરખામણી કરવાની છે. એ વાત ખરી છે કે હસ્તાક્ષર અંગેનો અભિપ્રાય આપવો હોય તો સ્પેશ, સ્લાન્ટ, પ્રેશર વગેરેનો અભ્યાસ

કરીને આપવાનો હોય છે. એ વાત ખરી છે કે અમોએ અમારો અભિપ્રાય શેના પરથી આપેલ તેના રીઝનીગ જણાવેલ નથી. એ વાત ખરી છે કે વ્યકિતના હસ્તાક્ષર અને હસ્તાક્ષરના ઈમ્પ્રેશનનો અભ્યાસ કરીને અભિપ્રાય આપી શકાય. એ વાત ખરી નથી કે અભિપ્રાય આપતા પહેલા આવશ્યક તત્વો અમોએ જોયેલ નથી અને ધ્યાનમાં લીધા નથી. એ વાત ખરી નથી કે અમોએ ખોટો અભિપ્રાય આપેલ છે.

૨૨. આ કામમાં **આંક–૧૪૩ થી સાહેદ નિશાંત ધનજીભાઈ સોલંકી**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, અમો સને ૨૦૦૬/૦૭ માં મહેમદાવાદ પો.સ્ટે.માં સીની. પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૦૭/૦૯/૨૦૦૬ ના રોજ મહેમદાવાદ પો.સ્ટે.ના પી.એસ.ઓ. હે. કો. ભુપતસિંહ ચંદુભાઈનાએ મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૭/૨૦૦૬ થી ગુનો ફરીયાદીશ્રી આર.એલ.શાહ મામલતદાર મહેમદાવાદનાઓની ફરીયાદ અનુસાર સદર ગુનાના આરોપી (૧) દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ તથા (૨) ગંગારામ મુળદાસ જોશી (૩) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની વગેરે વિરૂધ્ધમાં આરોપી નં.૧,૨ નાઓ પોતે ખેડુત ખાતેદાર ના હોવા છતા મામલતદાર કચેરી મહેમદાવાદથી ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારુ ગુનાહિત કાવતરું રચી મોજે સણસોલી તા.મહેમદાવાદના હકકપત્રકની ફેરફાર નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૦૧/૦૩ ની નોંધ તથા બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નોંધ આધારે તા.૦૬/૦૭/૦૪ તથા તા.૦૮/૦૭/૦૪ ના રોજ સોગંદનામા રજુ કરી આરોપીઓએ તા.૧૭/૦૭/૦૪ તથા તા.૨૬/૦૭/૦૪ ના રોજ અરજીઓ કરી ખેડુત ખાતેદાર હોવાના પ્રમાણપત્રો મેળવી મોજે સણસોલી ગામની અસલ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નોંધ રદ થયેલ હોવા છતા બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ના ઉતારાની અદ્યતન નકલમાં જમીન સોમાજી બેચરજીના નામે ચાલતી હોય અને આરોપીઓએ ખોટી

નકલો મેળવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ખેડુત ખાતેદાર હોવાના પ્રમાણપત્રો મેળવી ખોટા દસ્તાવેજો, ખોટા સોગંદનામા રજુ કરી છેતરપિંડીનો ગુનો કર્યા અંગેની ફરીયાદ આપેલ જે મુજબ પી.એસ.ઓ. એ ગુનો દાખલ કરી આગળની તપાસ અમારા તરફ મોકલતા અમોએ તપાસ સંભાળી લીધેલ. આ ગુનાના કામે અમોએ જરૂરી દસ્તાવેજી પુરાવામાં મામલતદારશ્રીએ મહે. કલેકટરશ્રી ખેડાને લખેલ પત્રની નકલ તથા મામલતદારશ્રીએ ગુનાની માહિતી અંગે લખેલ પત્રની નકલ આંક–૯૧. તા.૦૬/૦૯/૦૬ થી પો.સ.ઈ. મહેમદાવાદને લખેલ પત્ર છે જેમા જમીન ખરીદવા અંગે મહેસુલી રેકર્ડની ખોટી નકલો મેળવી સોગંદનામામાં ખોટી વિગતો દર્શાવી ખેડુત ખાતેદાર હોવાના ખોટા પ્રમાણપત્રો મેળવવા બાબત લખેલ પત્રની નકલ છે જેની સાથે આરોપી ગંગારામ મુળદાસના સણસોલી તા.મહેમદાવાદ ખાતા નં.૩૦૩ થી ખેડુત ખાતેદાર હોવા અંગેનો આપવામાં આવેલ દાખલો તા.૨૬/૦૭/૦૪ ના રોજનો આંક–૧૨૯ થી રજુ છે તે જ છે. જેની સાથે આરોપી દલસુખભાઈ વાલજીભાઈએ સણસોલી તા.મહેમદાવાદ ખાતા નં.૩૦૩ થી ખેડુત ખાતેદાર હોવા અંગેનો આપવામાં આવેલ દાખલો તા.૧૭/૦૭/૦૪ ના રોજનો આંક–૧૨૮ થી રજુ છે જે ખોટા ખેડુત હોવાનું મેળવેલ પ્રમાણપત્ર છે. આ સાથે આરોપી ગંગારામ મુળદાસ જોશીએ મામલતદારશ્રી મહેમદાવાદને ખેડુતનો દાખલો મેળવવા બાબતે કરેલ અરજી જે આ કામે આંક–૧૨૭ થી રજુ છે તે જ છે. આ સાથે આરોપી દલસુખભાઈ વાલજીભાઈએ મામલતદારશ્રી મહેમદાવાદને ખેડુતનો દાખલો મેળવવા બાબતે કરેલ અરજી જે આંક–૧૨૬ થી રજુ છે તે જ છે. તેમજ આ સાથે ગામ નમુના નં.૭–અ અને ૭/૧૨ જે મુળ ખેડુત સોમાભાઈ બેચરભાઈના નામની નકલ છે જે આંક–૧૨૫ થી રજુ છે. તેમજ આ સાથે ગામ નમુના નં.૬ હકકપત્રકમાં ૧૦૦૪ વારસાઈની નકલ છે જે આંક–૧૨૪ થી રજુ છે જે નોંધ રદ થયેલ છે. આ સાથે ગામ નમુના નં.૭/૧૨ ના ઉતારાની નકલ છે જેમા સર્વે નં.૬૦૬ માં કબજેદાર તરીકે સોમાભાઈ

બેચરભાઈ, બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમૃતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈના નામો છે જેની નીચે ફેરફાર નોંધ નં.૧૦૦૪ લખેલ છે જે આંક–૧૨૩ થી રજુ છે તે જ છે. તેમજ આ સાથે હકકપત્રક ગામ નમુના નં.૬ ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની વારસાઈ નોંધ છે જે વારસાઈની નોંધમાં બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમૃતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈના નામો છે જે નોંધ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયત તા.મહેમદાવાદમાંથી મળેલ જે આંક–૧૨૨ થી રજુ છે જે નોંધ પ્રમાણિત છે. આ અગાઉ આ જ નોંધ નં.૧૦૦૪ જે મામલતદાર કચેરી તરફથી આપવામાં આવેલ તે નોંધ રદ છે જે આંક–૧૨૪ થી રજુ છે અને તે જ નોંધ તલાટી કમમંત્રી સણસોલીનાએ આપેલ નોંધ પ્રમાણિત છે જે નોંધ આંક–૧૨૨ થી રજુ છે. આમ મામલતદાર કચેરી તરફથી જે નોંધ નં.૧૦૦૪ આપવામાં આવેલ તે સાચી છે અને આંક–૧૨૨ થી રજુ ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે તલાટી કમમંત્રી તરફથી આપવામાં આવેલ નકલ જે ખોટી છે જે મારી તપાસમાં જણાયેલ. આ કામે ગંગારામ મુળદાસનાએ ખેડુત ખાતેદારની અરજી સાથે રજુ કરેલ સોગંદનામું આંક–૧૧૮ થી રજુ છે તે જ છે. આ કામે દલસુખભાઈ વાલજીભાઈએ ખેડુત ખાતેદારની અરજી સાથે રજુ કરેલ સોગંદનામું આંક–૧૧૭ થી રજુ છે તે જ છે. આ તમામ દસ્તાવેજી પુરાવા મામલતદારશ્રીએ પો.સ.ઈ. મહેમદાવાદને જે પત્ર લખેલ તે આંક–૯૧ થી રજુ છે તેની સાથે આ તમામ પુરાવા ફરીયાદ અનુસંધાને પો.સ્ટે. માં રજુ કરેલ હતા. આ ગુનાના કામે પંચો રૂબરૂ તા.૧૨/૦૯/૦૬ ના કલાક–૧૫:૧૫ થી ૧૫:૩૫ સુધી મહેસુલી રેકર્ડની નકલો જે રજુ કરેલ તેનુ પંચનામું પંચો રૂબરૂ કરેલ જે પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ જેમા પંચો રૂબરૂ મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે આંક–૯૭ થી રજુ છે તે જ છે. અમોએ પંચો રૂબરૂ તા.૦૫/૦૭/૦૭ ના રોજ કલાક–૧૬:૩૦ થી ૧૬:૫૦ સુધી સણસોલી ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રીશ્રી રાયસંગભાઈ છેલાભાઈનાએ આરોપી તલાટી

કમમંત્રી ડી.એસ.સોનીના હસ્તાક્ષરમાં લખેલ છે તેમજ તેમની સહીવાળો સણસોલી ગ્રામ પંચાયતનો નમુના નં.પ સામાન્ય રોકડમેળ રજુ કરતા હોય જે અમોએ પંચનામાની વિગતે રોકડમેળ કબજે કરેલ જે પંચનામામાં પંચોની અમારી રૂબરૂ સહી છે જે પંચનામું મને બતાવવામાં આવે છે જે આંક–૯૮ થી રેકર્ડ પર છે જેમા પંચો રૂબરૂ મારી સહી છે જે ઓળખી બતાવુ છું. અમોએ તા.૧૯/૦૩/૦૭ ના કલાક–૧૮:૨૫ થી ૧૮:૪૫ સુધી પંચો રૂબરૂ આરોપી દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિના હસ્તાક્ષરના ૬–૬ પાનામાં ૬–૬ સહી લેખે કુલ ૩૬ સહીના નમુના પંચો રૂબરૂ લીધેલ જે પંચનામું પંચો રૂબરૂ કરેલ જેમા રૂબરૂમાં મારી સહી છે આંક–૯૯ થી રેકર્ડ પર છે. અમોએ તા.૧૨/૦૯/૦૬ ના રોજ કલાક–૧૫:૧૫ થી ૧૫:૩૫ સુધી પો.સ્ટે. ઓ. એ.એસ.આઈ. શનાભાઈ જીવાભાઈનાએ મામલતદાર કચેરી મહેમદાવાદથી આ ગુનાના કામે કચેરીમાં રજુ કરેલ ખોટા દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી ખેડુત ખાતેદારના દાખલા મેળવેલ જે મહેસુલી રેકર્ડની ખોટી બનાવટી નકલો મામલતદારશ્રી મહેમદાવાદ પાસેથી ગુનાના કામે માંગણી કરી તેઓશ્રીએ મોકલી આપેલ દસ્તાવેજો રજુ કરતા પંચો રૂબરૂ તે દસ્તાવેજો કબજે લીધેલ અને તેનુ પંચનામું પંચો રૂબરૂ અમોએ કરેલ જે આંક–૧૦૦ થી રેકર્ડ પર છે. અમોએ તા.૧૨/૦૨/૦૭ ના કલાક–૧૨:૦૦ થી ૧૨:૩૦ સુધી આરોપી ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોનીના સહીના ૬–૬ પાનમાં ૬–૬ સહી લેખે કુલ ૩૬ સહીના નમુના પંચો રૂબરૂ લીધેલ જે પંચનામું પંચો રૂબરૂ કરેલ જેમા રૂબરૂમાં મારી સહી છે જે આંક–૧૦૧ થી રેકર્ડ પર છે. અમોએ તા.૧૯/૦૩/૦૭ ના કલાક–૧૮:૨૫ થી ૧૮:૪૫ સુધી આરોપી દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિના સહીના ૬–૬ પાનમાં ૬–૬ સહી લેખે કુલ ૩૬ સહીના નમુના પંચો રૂબરૂ લીધેલ જે પંચનામું પંચો રૂબરૂ કરેલ જેમા રૂબરૂમાં મારી સહી છે જે આંક–૧૦૨ થી રેકર્ડ પર છે. અમોએ આ ગુનાના કામે ગીરીભાઈ ભારમલભાઈ બારડ, નાયબ મામલતદારની

પુછપરછ કરી નિવેદન મેળવેલ. તેમજ કિશોર આનંદશંકર પંડયા, મામલતદાર ધોળકાની પુછપરછ કરી નિવેદન મેળવેલ. આ ગુનાના કામે સંજયભાઈ ગોવિંદલાલ શાહ, સ્ટેમ્પ વેન્ડરનું નિવેદન મેળવેલ તેમજ તલાટી કમમંત્રી રાયસંગભાઈ ઘેલાભાઈ પરમારનું નિવેદન મેળવેલ તેમજ પંચો રૂબરૂ રોકડમેળ કબજે કરેલ. આ કામે બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, જગદીશભાઈ જયંતીભાઈ પટેલ, ગંગાબેન તે નરસિંહભાઈ બલુભાઈ જાદવની પત્ની, મંગુબેન તે અંબાલાલ ધુળાભાઈ રાઠોડની પત્નીના નિવેદનો મેળવેલ. આ ગુનાના કામે પીજ ગ્રામ પંચાયતમાં તપાસ કરી દલસુખભાઈ વાલજીભાઈનું સરનામું મેળવેલ જેમા તલાટી કમમંત્રીના તા.૨૧/૦૯/૦૬ ના પત્રથી આરોપી દલસુખભાઈ વાલજીભાઈનું સરનામું ૬ શ્યામકુંજ સોસાયટી, વૈશાલી સિનેમા પાછળ નડીઆદના હોવાનું જણાવેલ છે જે અસલ પીજ ગ્રામ પંચાયતનો દાખલો આ કામે આંક–૧૪૪ થી રજુ છે. આ કામે આરોપીઓ વિરૂઘ્ધ પુરતા પુરાવા હોય આરોપીઓની ગુનાના કામે અટક કરી જરૂરી પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી પુછપરછ કરી પુરતા પુરાવા પડતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મારી તપાસ દરમ્યાન આરોપીઓએ ખોટી મહેસુલી રેકર્ડની નકલો મુકી ખોટા ખેડુત ખાતેદારનો દાખલો મેળવેલ હોવાનું જણાયેલ. આરોપીઓને જોયેથી હું ઓળખુ છું જે નામ. કોર્ટમાં હાજર નથી. આરોપી નં.૩ વતી ઓળખ અંગે તકરાર નથી. બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

## ૨૩. ફરીયાદપક્ષની દલીલ

આ કામમાં વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે હાલના કામના આરોપી નં.૩ નાએ પોતાની ફરજ દરમ્યાન ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ તથા ખોટા ૭/૧૨ ના ઉતારા આરોપી નં.૧ અને ૨ ની તરફેણમાં બનાવેલ છે અને તેમના નામો ફેરફાર નોંધ નં.૧૦૦૪ અને ૭/૧૨ ના ઉતારામાં બદદાનત અને કપટપુર્વક દાખલ કરેલ છે. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છેકે

ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસરશ્રીએ રદ કરેલ છે તે આરોપીઓ જાણતા હતા તેમ છતા આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફેરફાર નોંધ તથા ૭/૧૨ ના ઉતારા તથા ખોટી એફીડેવીટ કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં એફ.એસ.એલ. અધિકારી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને તકરારી દસ્તાવેજોમાં જે સહી અને લખાણ છે તે આરોપી નં.૩ ના છે તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.

## આરોપીપક્ષની દલીલ

**૨૪.** આરોપી નં.૩ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામમાં ફરીયાદપક્ષ ઈ.પી.કો કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી ના આવશ્યક તત્વો રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદીને ફરીયાદ કરવાનો અધિકાર હતો તે હુકમ આ કામે રેકર્ડ પર નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આરોપી નં.૩ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં એફ.એસ.એલ. અધિકારીની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આરોપી નં.૩ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં આરોપી નં.૩ નાએ સદર ખોટા ૭/૧૨ ના ઉતારા લખેલ હોય તેવુ કોઈ સાહેદે નજરો નજર જોયેલ નથી જેથી ફરીયાદપક્ષ આરોપી નં.૩ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૨૫.** હું પુરાવા અધિનિયમના સિધ્ધાંતોથી વાકેફ છું કે, જો ફરીયાદપક્ષને એકમાત્ર જુબાની વિશ્વાસપાત્ર અને માનવાપાત્ર હોય તો તે આધારે આરોપીને તકસીવરવાન ઠરાવી શકાય જયારે કોઈપણ વ્યકિત કોર્ટમાં પુરાવો આપવા આવે ત્યારે તે વ્યકિત શહેરની કે ગામની, ભણેલ કે અભણ હોય છે જયારે કોઈપણ વ્યકિત જુબાની આપવા આવે ત્યારે તેની ઉંમર, સમજશકિત આ તમામ બાબતો કોર્ટે ધ્યાને રાખવી જોઈએ. થોડી માત્રાની હકીકતોનું તફાવતના કારણે ગામડાના વ્યકિતના પુરાવાને ફેંકી શકાય નહી કે નકારી શકાય નહી કારણ કે, શિક્ષીત વ્યકિતની જુબાની તથા ગામડાની વ્યકિતની જુબાનીમાં તફાવત હોય છે જો ગામડાના વ્યકિતએ તેમની ઉલટતપાસમાં ફરીયાદપક્ષની કોઈ નાની બાબતને સમર્થન આપેલ ન હોય તો ફકત અન ફકત તે ધ્યાને લેતાં આરોપીને નિર્દોષ છોડી શકાય નહી અને તે ગામડાના સાહેદની જુબાનીને નકારી શકાય નહી.

**મુલ્યાંકન**

**૨૬.** આ કામમાં પંચ યાસીનભાઈ નુરમહંમદ વહોરા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. આ કામમાં સાહેદ બાબુભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને આરોપીને જોયેથી ઓળખી બતાવતા નથી.

**૨૭.** આ કામમાં **ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ સને ૨૦૦૬ માં મામલતદાર મહેમદાવાદ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન મહેમદાવાદ તાલુકાના તલાટીશ્રી તરીકે ફરજ બજાવતા આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા મહેસુલી રેકર્ડની ખોટી નકલો આપી અમુક કેસોમાં ખોટી રીતે ખાતેદાર બનાવવામાં મદદ કરેલ છે જેથી મામલતદાર કચેરીમાંથી આપવામાં આવેલ ખેડુત પ્ર

માણપત્રો કે જેમા આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ નકલોનો ઉપયોગ થયેલ હોય તેવા પ્રમાણપત્રો લઈ ચકાસણી કરતા આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ, આરોપી નં.૨ ગંગારામ મુળદાસ મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામે બ્લોક નં.૬૦૬ વાળી જમીન વારસાઈ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ધારણકર્તા હોવાનું રજુ થયેલ ૭/૧૨ ની નકલ તથા બ્લોક નં.૬૦૬ વાળી જમીનનો ૭/૧૨ દર્શાવતી નકલો રજુ કરેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ તથા આરોપી નં.૨ ગંગારામ મુળદાસ ધ્વારા અલગ અલગ નોટરીઓ સમક્ષ સોગંદનામા કરી પોતે સણસોલી ગામમા ખેતીની જમીન બ્લોક નં.૬૦૬ વાળી વારસાઈ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ધારણકર્તા હોવાનું દર્શાવેલ પોતાની અરજી સાથે સોગંદનામું બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નકલ તથા હકકપત્રક, ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ રજુ કરેલ હતી જે આધારે બંને આરોપીઓને સને ૨૦૦૪ માં નિયત નમુનામાં ખાતેદાર હોવાના પ્રમાણપત્ર આપવામાં આવેલ અને સણસોલી ગામનો અસલ મહેસુલી રેકર્ડ તપાસતા હકકપત્રક ફેરફાર નોં ધ

નં.૧૦૦૪ માં શ્રી સોમાભાઈ બેચરભાઈની વારસાઈ તે આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે તેમ જણાવી અન્ય ત્રણ ઈસમો સહીત આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ તથા આરોપી નં.૨ ગંગારામ મુળદાસના નામો પણ દર્શાવવામાં આવેલ હતા પરંતું સદરહું ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે તે સમયે રદ કરવામાં આવેલ હતી જેથી તે ફેરફાર નોંધની અસર મહેસુલી રેકર્ડમાં આપી શકાય નહી તેમ છતા ફેરફાર નોંધ નં.૧૦૦૪ ના આધારે આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ તથા આરોપી નં.૨ ગંગારામ મુળદાસ ખેડુત ખાતેદાર જણાયેલ નહી. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ હોવા છતા આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ બ્લોક નં.૬૦૬

વાળી જમીનના ૭/૧૨ ની નકલ તથા હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલમાં ઉપરોકત આરોપીઓના નામ દર્શાવેલ હતા અને હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની નકલ કે નોંધ પ્રમાણિત થયેલી દર્શાવવામાં આવેલ હતી. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે અગાઉ આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ ખોટી નકલો વિગતવાર અહેવાલ અને દસ્તાવેજો સાથે કલેકટરશ્રી ખેડાને શ્રી ડી.એસ.સોની તેમજ ઉપરોકત બંને આરોપીઓ દલસુખભાઈ વાલજીભાઈ અને ગંગારામ મુળદાસ વિરૂઘ્ઘ ફોજદારી રાહે કાર્યવાહી કરવા માટે મંજુરી આપવા માટે વિનંતી કરેલ જે કલેકટરશ્રી ખેડાનાઓએ હુકમથી તેઓને ફરીયાદ કરવા અધિકૃત કરેલ અને તે અનુસંધાને તેઓએ તા.૦૬/૦૯/૦૬ ના રોજ પો.સ.ઈ.શ્રી મહેમદાવાદને લેખિતમાં ફરીયાદ મોકલી આપેલ હતી જે ફરીયાદ સાથે આરોપી નં.૧ તથા ૨ નું સોગંદનામું, ખેડુત પ્રમાણપત્ર મેળવવા માટે કરવામાં આવેલ હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪, ગામ સણસોલી બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નકલ, ફેરફાર નોંધ નં.૧૦૦૪ ની ખરી નકલ, બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની ખરી નકલ, આરોપી નં.૧ તથા ૨ નાએ કરેલ ખેડુત પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીની નકલ, આરોપી નં.૧ અને ૨ ને આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ આંક–૧૧૭ થી આંક–૧૨૯ રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે તેઓએ પી.એસ.આઈ. મહેમદાવાદને તા.૦૬/૦૯/૦૬ ના રોજ લેખિત ફરીયાદ આપેલ જેમા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૯૧. થી રેકર્ડ પર છે.

૨૮. આ કામમાં **સાહેદ સંજયકુમાર ગોવિંદલાલ શાહ**ની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ સને ૨૦૦૭ માં સ્ટેમ્પ વેન્ડર

તરીકે મહેમદાવાદ મામલતદાર કચેરીએ બેસતા હતા અને સ્ટેમ્પ લેવા આવે તેને સ્ટેમ્પ આપતા અને નાની મોટી અરજીઓ લખી આપતા હતા.સદર સાહેદ વધુમાં તેઓની જુબાનીમાં જણાવે છે કે ૨૦૦૭ માં મામલતદાર કચેરીમા પોલીસ આવેલ અને ખોટા ખેડુત પ્રમાણપત્ર બાબતે ફરીયાદ થયેલ તે બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ જે ખોટુ ખેડુત પ્રમાણપત્ર આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ અને આરોપી નં.૨ ગંગારામ નામની કોઈ વ્યકિત વિરૂધ્ધ ખોટા ખેડુત પ્રમાણપત્ર મેળવવા બાબતે ફરીયાદ થયેલ તેવો પોલીસે તેઓનો જવાબ લીધેલ તે વખતે તેઓએ હાથથી લખેલ એફીડેવીટ પોલીસે તેઓને બતાવેલ તે એફીડેવીટ તેઓએ હાથે લખેલ જેમા જે સ્ટેમ્પ વાપરેલ તેમા હસ્તે તેઓએ રૂ.૨૦/– નો સ્ટેમ્પ લીધેલ અને તેમા તેઓની સહી છે અને આ સ્ટેમ્પ તેઓએ સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ શાહ પાસેથી મહેમદાવાદ તા.૨૩/૦૬/૦૪ ના રોજ લીધેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓ પાસે તે વખતે સ્ટેમ્પ ના હોય આ સ્ટેમ્પ તેઓએ કાર્તિકભાઈ પાસેથી લીધેલ અને હસ્તે તેઓએ સહી કરેલ જે સ્ટેમ્પ પેપર ઉપર તેઓએ એફીડેવીટ કરેલ જે ખેડુત ખાતેદારના પ્રમાણપત્રની હતી અને આ એફીડેવીટ હાલના આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સુરેશભાઈ સોની તલાટીનાઓ આવેલ અને તેમણે મહેમદાવાદ પંચાયતમાં આવતા હોય ઓળખી બતાવે છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આ આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ તેઓ પાસે ફકત એફીડેવીટ કરાવેલ આ એફીડેવીટ ખેડુત પ્રમાણપત્ર સણસોલી ગામની હતી જેનો સર્વે નંબર કે ક્ષેત્રફળ કેટલુ હતુ તે હાલ તેઓને યાદ નથી અને આ એફીડેવીટ કરવા આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ તલાટી તેઓ પાસે આવેલ જેમની સાથે એક કાકા હતા તેમનું નામ દલસુખભાઈ હતું જેઓને તેઓ જોયેથી ઓળખે છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે જયારે આરોપી એફીડેવીટ કરાવવા આવેલ તે વખતે તેમના પાસે ૭/૧૨ અને ૮–અ હતી જે જોઈને તેઓએ એફીડેવીટ લખેલ જે ૭/૧૨ અને ૮–અ ના

ઉતારામાં સણસોલી ગામના તલાટીની સહી અને સીકકો હતા. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે પોલીસે એવુ જણાવેલ કે આ ૭/૧ર અને ૮–અ ના આધારે જે એફીડેવીટ કરેલ તે ૭/૧ર અને ૮–અ ખોટી હોવાનું જણાવેલ અને તેઓએ જે વખતે એફીડેવીટ કરેલ તે વખતે ૭/૧ર અને ૮–અ ખોટી હોય તેવુ તેમના ઘ્યાનમાં આવેલ નહી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને પોલીસે જે ૭/૧ર અને ૮–અ બતાવેલ તે આધારે તલાટી આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોની અને આરોપી નં.૧ દલસુખભાઈનાઓએ તે આધારે ખેડુત પ્રમાણપત્રની તેઓ પાસે એફીડેવીટ કરાવેલ જે આરોપીઓ સામે પોલીસ ફરીયાદ કરેલ તે આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે રૂ.ર૦/– ના સ્ટેમ્પ ઉપર તેઓએ સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ પી.શાહ પાસેથી જે સ્ટેમ્પ લીધેલ તેમા હસ્તે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે તેઓના હસ્તાક્ષરમાં એફીડેવીટ કરેલ જે હસ્તાક્ષર તેઓના છે અને આ સ્ટેમ્પની નોટરી એચ.એ.પટેલ રૂબરૂ કરેલ જે સ્ટેમ્પમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૧૧૭ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ રૂ.ર૦/– ના સ્ટેમ્પ છે જે સ્ટેમ્પ વેન્ડર દેવાંગભાઈ કાંતીલાલ શાહ પાસેથી લીધેલ જે સ્ટેમ્પમાં હસ્તે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે સ્ટેમ્પ આંક–૧૧૮ થી રેકર્ડ પર છે જે સ્ટેમ્પ પેપર ઉપર તેઓના હસ્તાક્ષરમાં લખાણ છે જે એફીડેવીટ ખેડુત ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા કરાવેલ અને આ સ્ટેમ્પ તેઓ પાસે આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોનીએ અમદાવાદથી તેઓ પાસે લેવડાવેલ. બચાવપક્ષ ઘ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે આંક–૧૧૭ અને આંક–૧૧૮ વાળા બે સ્ટેમ્પ પેપર બતાવેલ તે લખાણ તેઓના હાથનું છે અને તે લખાણ તેઓએ આરોપીઓના કહેવાથી લખેલ જેની સત્યતા તેઓને ખબર નથી

અને આરોપીઓએ જે હકીકત કહેલ તે હિસાબથી લખેલ અને આ બંને સ્ટેમ્પ તેઓએ ખરીદેલ અન્ય સ્ટેમ્પ વેન્ડર પાસેથી ખરીદેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે ઉપરોકત બંને સ્ટેમ્પ ખરીદ્યાનું કહે છે પરંતું તેની નોંધ તેઓ પાસે નથી.

**૨૯.** આ કામમાં **સાહેદ જગદીશભાઈ જયંતીભાઈ પટેલ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે સને ૨૦૦૬ માં તેઓ તલાટી કમમંત્રી તરીકે સણસોલી ખાતે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તેઓ સોજાલી તથા ઘોડાલી ગ્રામ પંચાયતમાં વધારાનો ચાર્જ સંભાળતા હતા જે દરમ્યાન તેઓ ઘોડાલી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા હતા ત્યારે મામલતદાર સાહેબે તેઓનો જવાબ લેવા બોલાવેલ હતો. સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે તેઓને મામલતદાર સાહેબશ્રીએ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડા બ્લોક સર્વે નં.૬૦૬ માં વારસાઈ થયેલ તે બાબતે જવાબ લેવા બોલાવેલ જે બ્લોક સર્વે નં.૬૦૬ માં વારસાઈની નોંધ ૧૦૦૪ પડેલ હતી જે બ્લોક સર્વે નં.૬૦૬ છે જે જોઈને જણાવે છે કે આ ૭/૧૨ ની નકલમાં સોમાભાઈ બેચરભાઈનું નામ છે તથા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈ છે જે આંક–૧૨૩ થી રેકર્ડ પર છે જે વારસાઈમાં ચઢેલ નામ ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ૭/૧૨ ના રેકર્ડમાં ચઢેલા. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૨ થી હકકપત્રકનુ ગામ નમુના નં.૬ મા ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે જે નોંધ વારસાઈની છે જે તા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલી છે જે વારસાઈની નોંધ સોમાભાઈ બેચરભાઈના ગુજરી જવાથી તેમના વારસદારોના નામ ઉમેરવા માટે કરેલ હતી જેમા નીચે મુજબના વારસો જોડવા માટેની નોંધ છે જેમા નીચે મુજબના નામો ચઢયાની નોંધ પડેલ (૧) બબાભાઈ મથુરભાઈ,

(૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) દલસુખભાઈ વાલજીભાઈના નામો છે. વધુમાં સદર સાહેદ આંક–૧૨૨ થી ફેરફાર નોંધમાં કોલમ તપાસણી કરનાર અમલદારની સહી તથા શેરો  લખેલ છે તે કોલમમાં ઉપરની લીટી વંચાતી નથી અને નીચેની લીટી પેઢીનામાના આધારે પ્રમાણિત લખેલ છે જેની નીચે સર્કલ ઓફીસર મહેમદાવાદ તા.૨૨/૦૫/૦૪ ના રોજ પ્રમાણિત થયેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડામાં પડેલ બ્લોક સર્વે નં.૬૦૬ ની ૧૯૭૧–૭૨ થી ૨૦૦૩–૦૪ સુધીની નકલ છે જેમા કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનું નામ છે જે અસલ નકલમાં મામલતદાર મહેમદાવાદનો સીકકો છે જે તમામ નકલો આંક–૧૩૩ થી આંક–૧૩૬ રેકર્ડ પર છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડા હકકપત્રક ગામ નમુના નં.૬ નોંધ નં.૧૦૦૪ ની નકલ જે તા.૨૬/૦૪/૦૩ ના રોજ વારસાઈની નોંધ પડેલ જે નોધમાં સોમાભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી જવાથી તેમના વારસોના નામ ગ્રામજનોના બતાવવામાં નીચે મુજબના નામો પેઢીનામાના આધારે દાખલ થયેલ (૧) બબાભાઈ મથુરભાઈ, (૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) દલસુખભાઈ વાલજીભાઈ નામો આવેલ અને આ ફેરફાર નોંધ નં.૧૦૦૪ બ્લોક સર્વે નં.૬૦૬ માં પડેલી જે ફેરફાર નોંધમાં તપાસણી કરનાર અમલદારની સહી શેરોના કોલમમાં જેમા એવો શેરો મારેલ કે પેઢીનામુ જોતા તેમા ચાર ઈસમો ગુજરી ગયેલાનું જણાય છે કોઈપણ મરણનો દાખલો રજુ થયેલ નથી અરજી પણ નથી જે આધારે આ ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ કરવામાં આવેલ જે નોંધ સર્કલ ઓફીસર મહેમદાવાદનાએ રદ કરેલ જે સને ૨૦૦૪ માં રદ થયેલ જે આંક–૧૩૭ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૨૨ હકકપત્રક ગામ નમુના નં.૬ ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે તેમજ આંક–૧૩૭

જે હકકપત્રક ગામ નમુના નં.૬ ફેરફાર નોંધ નં.૧૦૦૪ બતાવવામાં આવે છે જે બંને નોધો જેમા આંક–૧૩૭ વાળી જે ફેરફાર નોંધ છે તે સાચી છે અને આંક–૧૨૨ વાળી જે નોંધ છે તે ખોટી છે જે નોંધમાં સણસોલી ગ્રામ પંચાયત તલાટી કમમંત્રીની સહી તથા સીકકો છે જે નોંધ તા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલી તે વખતના તલાટી કમમંત્રી તરીકે આરોપી નં.૩ ડી.એસ.સોનીનાઓ હતા તેઓએ આપેલ અને તેઓએ આંક–૧૨૨ વાળી નકલ ખોટી આપેલ છે. સદર સાહેદ આરોપીને જોયે ઓળખી બતાવે છે. સદર સાહેદ વધુમાં જણાવે છે કે ગામ સણસોલીના ગામ નમુના નં.૮–અ ની નકલ જેમા ખાતા નં.૩૩૦ છે જેમા માલિક કબજેદાર તરીકે સોમાજી બેચરજીનાઓનું નામ છે જે અસલ નકલમાં તલાટી કમમંત્રી સણસોલીનાઓના સહી સીકકા છે જે આંક–૧૩૮ થી રેકર્ડ પર છે. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકત કબુલ કરે છે કે તેઓએ અને આરોપી નં.૩ એક સ્ટેશન ઉપર કોઈ દિવસ નોકરી કરેલ નથી અને તેઓના દેખતા આરોપી નં.૩ નાએ કોઈ નકલ બનાવેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે આરોપી નં.૩ તેઓ પહેલા તલાટી તરીકે નોકરી કરતા હતા.સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે નકલ લેનારને એ વાતની ખબર ના પડે કે નકલ ખરી બનાવેલ છે કે નહી.

૩૦. આ કામમાં **સાહેદ ગીરીશભાઈ ભારમલભાઈ બારડ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ સને ૨૦૦૭ મા નાયબ મામલતદાર મહેસુલ મહેમદાવાદ તરીકે ફરજ બજાવતા હતા અને તેમની

ફરજમાં ખેડુત હોવાનું પ્રમાણપત્ર, જમીનને લગતી કામગીરી અને કાયદો અને વ્યવસ્થા આવતી હતી અને તેમની ફરજમાં ખેડુત ખાતેદારના દાખલા આપવાની કામગીરી આવતી હતી જે ખેડુત ખાતેદારના દાખલા આપવા માટે જે તાલુકાના ગામમાં અરજદારે પોતાના નામે જમીન આવેલ હોય તે જમીન દફતરની નકલ ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં.૬, એક એફીડેવીટ તથા અરજી લેવામાં આવતી હતી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે સને ૨૦૦૭ એક બનાવ જેમા ખોટા ખેડુત ખાતેદારનો દાખલો મેળવેલ અને આ બાબતે તેમની ઓફીસના તે સમયના મામલતદારશ્રીએ ફરીયાદ આપેલ અને આ ફરીયાદની વિગત એવી હતી કે ખેડુત હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદાર આરોપી નં.૧ દલસુખભાઈનાએ મામલતદાર કચેરી મહેમદાવાદમાં અરજી કરેલ અને આ અરજી સાથે તેઓએ ઉપરોકત જણાવેલ તમામ પુરાવો અરજી સાથે સામેલ રાખેલ હતા જેમા રજુ થયેલ ૭/૧૨, ૮–અ અને હકકપત્રક નં.૬ જેમા સણસોલી તલાટીશ્રીની સહી હતી જેઓનું નામ આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોની હતુ અને તેઓની સહીવાળી નકલો આ અરજી સાથે સામેલ હતી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે આંક–૧૨૮ અને આંક–૧૨૯ થી ગુજરાત રાજયના ખાતેદાર ખેડુત મુળ જે ગામની ખેતીની જમીન ધારણકર્તા હોય તે તાલુકાના બધા ખેડુતને આપવાનો દાખલાનો નમુનો છે જે મામલતદાર કચેરી મહેમદાવાદ તરફથી આપવામાં આવેલ જે ખેડુત ખાતેદારનો દાખલો હતો જે દાખલો આરોપી નં.દલસુખભાઈ વાલજીભાઈ તથા આરોપી નં.૨ ગંગારામ મુળદાસના નામે આપેલ જેમા મામલતદાર મહેમદાવાદની સહી તથા સીકકો છે જે રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે આંક–૧૨૬ અને આંક–૧૨૭ થી મામલતદાર કચેરીમાં આરોપી નં.૧ અને આરોપી નં.૨નાએ ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે મામલતદાર કચેરી મહેમદાવાદ અરજી કરેલ જેમા આરોપી નં.૧ તથા આરોપી નં.૨ ની સહી છે જે અરજી તેઓ પાસે અમારી ઓફીસમાં મહેસુલ

કલાર્કનાઓએ મોકલેલ જે અરજી સાથે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવાના જરૂરી દસ્તાવેજો સાથે અમારી તરફ મોકલેલ તે અરજીને માન્ય રાખી તેમા તેઓએ સહી કરેલ જે રેકર્ડ ૫ર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૫ થી ગામ નમુના નં.૭/અ અને ૭/૧૨ મોજે ગામ સણસોલી તા.મહેમદાવાદ જેનો બ્લોક નં.૬૦૬ છે જેમા કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનુ નામ છે જેમા મામલતદારશ્રી મહેમદાવાદની સહી તથા સીકકો છે જે રેકર્ડ ૫ર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૪ થી હકકપત્રક ગામ નમુના નં.૬ જે ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે નોંધ તા.૨૬/૧૨/૦૩ ના રોજ વારસાઈ માટે ૫ડેલ છે જેમા જમીન માલિક સોમાભાઈ બેચરભાઈ ગુજરી જવાથી તેમના વારસોના નામ ગ્રામજનોના બતાવ્યા મુજબના બનાવી નીચે મુજબના નામો પેઢીનામા આધારે નીચે મુજબ છે (૧) બબાભાઈ મથુરભાઈ, (૨) કાંતીભાઈ મથુરભાઈ, (૩) અમરતભાઈ મહોતભાઈ, (૪) ગંગારામ મુળદાસ, (૫) વાલજીભાઈ સોમાભાઈના નામો દાખલ કરવા નોંધ ૫ડેલ જે નોંધ પેઢીનામું જોતા તેમા ચાર વારસ ગુજરી ગયેલ જણાય છે જેમા એકનો મરણનો દાખલો નથી જેથી તે ફેરફાર નોંધ સર્કલ ઓફીસર મહેમદાવાદનાઓએ રદ કરેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે આંક–૧૨૩ થી ગામ નમુના નં.૭/૧૨ બ્લોક નં.૬૦૬ ની છે જેમા કબજેદાર તરીકે બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ અને દલસુખભાઈ વાલજીભાઈ છે જે નામો ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ૭/૧૨ ની નકલોમાં ચઢેલ હતુ. વધુમા સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૪ ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ હતી તે નોંધ ૭/૧૨ ના રેકર્ડમાં આવી શકે નહી જેથી તેઓ આંક–૧૨૩ ૭/૧૨ માં આ કબજેદારોના નામ ખોટા દાખલ થયેલ. વધુમા સદર સાહેદ જણાવે છે કે આંક–૧૨૨ થી હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે જે નોંધ તા.૨૬/૧૨/૦૩ વારસાઈની નોંધ બ્લોક નં.૬૦૬

માં સોમાભાઈ બેચરભાઈ ગુજરી જવાથી તેમના વારસદારોના નામ લખેલ છે જેમા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ મહોતભાઈ, ગંગારામ મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈ છે જે નોંધ પેઢીનામા આધારે સર્કલ ઓફીસરશ્રીએ પ્રમાણિત કરેલ છે જે ફેરફાર નોંધની નકલ તલાટી કમમંત્રીશ્રી સણસોલી ગ્રામ પંચાયત તા.મહેમદાવાદનાએ આપેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૪ અને આંક–૧૨૨ આ બંને નકલ જે હકકપત્રકવાળી નકલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ છે જેમા એક નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ તરફથી આપવામાં આવેલ છે અને બીજી નકલ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયતે આપેલ છે જેમા મામલતદાર કચેરી તરફથી આપવામાંા આવેલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે રદ થયેલ છે અને તલાટી કમમંત્રી તરફથી આપવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ પ્રમાણિત થયેલ નકલ છે જે બંને નકલમાં સાચી નકલ મામલતદાર તરફથી આપવામાં આવેલ છે અને આંક–૧૨૨ વાળી ફેરફાર નોંધ નં.૧૦૦૪ તલાટી કમમંત્રી સણસોલી તરફથી આપવામાં આવેલ નકલ ખોટી છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૧૮ આરોપી નં.૨ ગંગારામ મુળદાસનાએ એક એફીડેવીટ કરેલ જે એફીડેવીટમાં ગંગારામનાએ જણાવેલ કે ગામ વાસવા, તા.વીરમગામની જમીનના સર્વે નં.૨૭૧ ક્ષે.હે.આરે. ૩–૦૯–૫૮ પૈકી મુકેશભાઈ પોપટભાઈના ભાગમાં જે જમીન આવેલ છે એટલે કે હે.આરે. ૧–૫૪–૭૯ વાળી વેચાણથી લેવાની હોય આ એફીડેવીટ રજુ કરેલ છે અને આંક–૧૧૭ થી આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈનાએ એક એફીડેવીટ કરેલ જે એફીડેવીટમા દલસુખભાઈનાએ જણાવેલ કે ગામ પીજ, તા.નડીઆદ ગામની જમીનના બ્લોક નં.૨૪૩૧ ક્ષે.હે.આરે. ૧–૫૬–૯૭ માં એન્ટ્રી પાડવાની હોવાથી મારે ખેડુત અંગેનો દાખલો મેળવવા માટે આ એફીડેવીટ કરેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આરોપી નં.૧

દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ તથા આરોપી નં.૨ ગંગારામ મુળદાસ જોશીનાએ ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા અરજી કરેલ જે અરજીઓ ખોટી હતી અને તેઓ સામે મામલતદારશ્રીએ ફરીયાદ કરેલ. સદર સાહેદ આરોપી નં.૧ તથા ૨ ને જોયેથી ઓળખી બતાવતા નથી. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ કામે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા આરોપીઓએ અરજી કરેલ તે સમયે આ અરજી સાથે રજુ કરેલ ૭/૧૨ અને ૮–અ તથા ગામ નમુના નં.૬ ની નકલ આપનાર તલાટીને તેઓ જોયેથી ઓળખે છે જે તલાટીનું નામ આરોપી નં.૩ ધર્મેન્દ્ર સોની હતા. બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે જે ડોકયુમેન્ટ તેઓએ સરતપાસમા લખાવેલ તે ડોકયુમેન્ટ લખતા તેઓએ જોયેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે દસ્તાવેજ ખોટો છે કે સાચો છે તે અંગે અભિપ્રાય આપી શકે નહી અને તે હકીકતનો ઈનકાર કરે છે કે જે ડોકયુમેન્ટ અંગે જુબાની આપેલ તે ડોકયુમેન્ટ તેઓએ જોયેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે કાગળોની સત્યતા અંગે તેઓ કહી ના શકે.

**૩૧.** આ કામમાં **સાહેદ કિશોર આનંદશંકર પંડયા**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, સને ૨૦૦૦–૦૭ સુધી તેઓ મહેમદાવાદ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓની કામગીરીમાં મહેસુલ, નાગરીક પુરવઠા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ સરકારશ્રીના અલગ અલગ પરિપત્રોથી નિયત કામગીરી કરવામાં આવતી હતી અને મહેસુલ કામગીરીમાં તાલુકાના

ખેડુત ખાતેદારોનો ખાતેદાર હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા અંગે કામગીરીનો સમાવેશ થતો હતો. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે જે તે ખેડુતે જે ગામે તેમની જમીન આવેલ હોય તે ગામના મહેસુલ રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં.૬ ની નોંધ તેમજ પોતે ખેડુત ખાતેદાર હોવાનું એફીડેવીટ તેની અરજી મામલતદાર કચેરીમાં કરવાની હતી અને તેમના અનુગામી મામલતદાર તરીકે આર.એલ.શાહ આવેલ અને આર.એલ.શાહનાઓએ તલાટી કમમંત્રી સણસોલી ધ્વારા બિનખેડુત વ્યકિતને ખેડુત ખાતેદારનો દાખલો અપાવવા માટે મહેસુલી રેકર્ડ જેવા કે ૭/૧૨, ૮–અ, ગામ નમુના નં.૬ વગેરે ઉપજાવી કાઢેલ અને મુળ રેવન્યુ રેકર્ડ સાથે સુસંગત ન હોય તેવી નકલો આપી ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા મદદગારી કરેલ હોવાનું જણાય આવેલ. સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે અરજદારને ખેડુત ખાતેદાર હોવા અંગેના ખોટા પ્રમાણપત્ર મેળવવા માટે આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોની જે તે વખતના તલાટી કમમંત્રી સણસોલી ધ્વારા અરજદારને સ્ટેમ્પ વેન્ડર પાસે લઈ જવામા આવેલ અને સ્ટેમ્પ અપાવવામાં મદદ કરેલ અને આરોપી નં.૩ નાએ અમદાવાદથી પણ સ્ટેમ્પ મેળવવા માટે આ ખેડુત ખાતેદાર થવા અરજદારને મદદ કરેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેઓને સંજયભાઈ શાહ સ્ટેમ્પ વેન્ડર મહેમદાવાદનાએ તેમના આપેલ સ્ટેટમેન્ટ ઉપરથી જાણવા મળેલ જે સ્ટેટમેન્ટની નકલ આ કામે સામેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમા સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૨૮ અને આંક–૧૨૯ તે ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર છે જે આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ અને આરોપી નં.૨ ગંગારામ મુળદાસને તેમના ખાતા નં.૩૦૩ અને સણસોલી ગામના બ્લોક નં.૬૦૬ ની જમીનનું છે જેમા પ્રમાણપત્રમાં તેઓની ઈનીશીયલ સહી છે આ પ્રમાણપત્ર તેમને નડીઆદ તાલુકાના પીજ

ગામે તથા વીરમગામ તાલુકાના વાસવા ગામે ખરીદવાના હેતુસર મળવા માટે માંગણી કરેલ હતી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે આંક–૧૨૭ થી આરોપીએ અરજી ખેડુત દાખલો મેળવવા માટે આરોપી નં.૨ ગંગારામ મુળદાસ ધ્વારા મામલતદારશ્રી મહેમદાવાદને ઉદ્દેશીને કરવામાં આવેલ છે જેની નીચે ગંગારામ મુળદાસ લખેલ છે જેઓની સહી હોવાનુ કહી શકાય જે અરજી સાથે તેમની એફીડેવીટ તેમજ ૭/૧૨ ની નકલ સામેલ રાખેલ હોવાનું જણાયેલ છે. સદર સાહેદ વધુમાં જણાવે છે કે જે અરજી પાછળ લખવામાં આવેલ રીમાર્કસ જોઈને જણાવે છે કે મામલતદાર કચેરીના કલાર્ક ધ્વારા સદરહું અરજી પરત્વે નોંધ મુકવામા આવેલ છે જેમા નોંધ મુકનાર કલાર્ક વેરીફાઈ કરનાર નાયબ મામલતદારના હોદ્દા પર સહી કરવામાં આવેલ છે જે સહી નાયબ મામલતદારશ્રી બારડની છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે આંક–૧૨૬ થી આરોપીએ ખેડુત દાખલો મેળવવા માટે આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ ધ્વારા મામલતદારશ્રી મહેમદાવાદને ઉદ્દેશીને અરજી કરેલ છે જેની નીચે દલસુખભાઈ વાલજીભાઈ લખેલ છે જેઓની સહી હોવાનુ કહી શકાય અને અરજી સાથે તેમની એફીડેવીટ તેમજ ૭/૧૨ ની નકલ સામેલ રાખેલ હોવાનું જણાયેલ છે જે અરજી પાછળ લખવામાં આવેલ રીમાર્કસ જોઈને જણાવે છે કે મામલતદાર કચેરીના કલાર્ક ધ્વારા સદરહું અરજી પરત્વે નોંધ મુકવામા આવેલ છે જેમા નોંધ મુકનાર કલાર્ક વેરીફાઈ કરનાર નાયબ મામલતદારના હોદ્દા પર સહી કરવામાં આવેલ છે જે સહી નાયબ મામલતદારશ્રી બારડની છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૫ થી સણસોલી ગામ નમુના નં.૭–અ અને ૭/૧૨ ની નકલ છે જેમા કબજેદાર તરીકે સોમાભાઈ બેચરભાઈનું નામ દર્શાવવામાં આવેલ છે જે પાણીપત્રક જોતા સને ૨૦૦૩–૦૪ માં સોમાભાઈ બેચરભાઈ દર્શાવવામા આવેલ છે અને સદરહું નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ ધ્વારા તા.૦૭/૦૬/૦૬ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેમા કચેરીનો સીકકો છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૪

થી સણસોલી ગામ નમુના નં.૬ ની ફેરફાર નોંધ છે જે તા.૨૬/૧૨/૦૩ ની અસલ નોધ છે આ નોંધ જોતા તેમા જણાવ્યા પ્રમાણે સોમાભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ હોય પેઢીનામા આધારે તેમના નામો વારસદાર તરીકે બ્લોક નં.૬૦૬ વાળી જમીનમાં ચઢાવવા માટેની નોંધ છે તેમા જણાવ્યા પ્રમાણે પાંચ વારસદારો છે જે બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ મુળદાસ, વાલજીભાઈ સોમાભાઈના નામો દર્શાવવામાં આવેલ છે જે નોંધમાં દર્શાવેલ શેરો જોતા જણાવે છે કે ગુજરી ગયેલ ઈસમોના મરણના દાખલા રજુ થયેલ ન હોય નોંધ રદ કરવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે સદર નકલ મામલતદાર કચેરી મહેમદાવાદ ધ્વારા તા.૦૭/૦૬/૦૬ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે જેમા કચેરીનો સીકકો છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૩ થી મહેમદાવાદ તાલુકા સણસોલી ગામના બ્લોક નં.૬૦૬ ની ગામ નમુના નં.૭/૧૨ ની નકલ છે જેમા કબજેદારનું નામ સોમાભાઈ બેચરભાઈ દર્શાવેલ છે તથા તે નામને કૌંસમાં લખેલ છે તેમા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ મુળદાસ અને દલસુખભાઈ વાલજીભાઈના નામ દર્શાવેલ છે તે નામની નીચે નોંધ નં.૧૦૦૪ દર્શાવવામાં આવેલ છે જે ફેરફાર નોંધ કહેવાય જે નકલ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયત આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ જે તા.૧૨/૦૭/૦૪ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૨ થી મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામના હકકપત્રકની નકલ છે જે નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૧૨/૦૩ ના રોજ પડેલ છે જે વારસાઈ અંગેની નોંધ છે જેમા જણાવ્યા પ્રમાણે સોમાભાઈ બેચરભાઈ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી જતા તેમના વારસોના નામ પેઢીનામા આધારે દાખલ કરવામાં આવેલ છે જે જોતા બબાભાઈ મથુરભાઈ, કાંતીભાઈ મથુરભાઈ, અમરતભાઈ, ગંગારામ

મુળદાસ, દલસુખભાઈ વાલજીભાઈના નામ છે નોંધનો શેરો જોતા જણાવે છે કે " પેઢીનામા આધારે પ્રમાણિત અને સર્કલ ઓફીસર તેવુ લખેલ છે અને આ નકલ તલાટી કમમંત્રીશ્રી આરોપી નં.૩ ડી.એસ.સોની સણસોલી ગ્રામ પંચાયત ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે જેમા તારીખ વંચાતી નથી.

વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે **આંક–૧૨૨ તથા આંક–૧૨૪ બંને વારસાઈ નોંધો છે જે બંને નોધોના નં.૧૦૦૪ છે પરંતું આંક–૧૨૪ માં દર્શાવવામા આવેલ નોંધ રદ કરવામાં આવેલ છે જયારે આંક–૧૨૨ ની નોંધ પ્રમાણિત દર્શાવવામા આવેલ છે અને આંક–૧૨૪ જોઈને જણાવે છે કે તેમા દર્શાવેલ નોંધ નીચે સર્કલ ઓફીસર મહેમદાવાદનો હોદ્દો તથા સહી લેવામાં આવેલ છે જે નોંધ રદ થયેલ છે જયારે આંક–૧૨૨ ની નોંધમાં કોઈ સહી થયેલ નથી. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૨૪ થી રજુ થયેલ નકલ જે મામલતદાર કચેરી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે જે સાચી નકલ છે જયારે આંક–૧૨૨ માં દર્શાવવામા આવેલ નકલ ખોટી અને રેવન્યુ રેકર્ડથી અસંગત નકલ છે અને તે વખતના તલાટીશ્રી આરોપી નં.૩ ડી.એસ.સોની ધ્વારા આપવામાં આવેલ છે.**

વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૧૮ થી રજુ સ્ટેમ્પ રૂ.૨૦/– નો છે તથા તા.૦૮/૦૭/૦૪ ના રોજ આરોપી નં.૨ ગંગારામ મુળદાસના નામે દેવાંગ કાંતીલાલ શાહ અમદાવાદના સ્ટેમ્પ વેન્ડરે ઈસ્યુ કરેલ છે અને સદરહું સ્ટેમ્પ પેપરનું લખાણ જોતા જણાવે છે કે આરોપી નં.૨ ગંગારામ મુળદાસ તેમની સણસોલી ગામના ખેડુત ખાતેદાર હોવાની એફીડેવીટ કરેલ છે જે એફીડેવીટ અમદાવાદના નોટરી સમક્ષ કરેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૧૭ થી સ્ટેમ્પ રૂ.૨૦/– નો છે તથા તા.૨૩/૦૬/૦૪ ના રોજ આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈના નામે મહેમદાવાદના સ્ટેમ્પ વેન્ડર કાર્તિકભાઈ શાહ ધ્વારા આપવામાં આવેલ છે જેમા હસ્તે સંજય શાહ લખેલ છે

જે નોટરી ધ્વારા સદરહુ સ્ટેમ્પ પરનું લખાણ જોતા જણાવે છે કે આરોપી નં.૧ દલસુખભાઈ વાલજીભાઈ જેઓ સણસોલી ગામના ખેડુત હોવાની એફીડેવીટ કરેલ છે જે એફીડેવીટ નોટરી એચ.એ.પટેલ ખેડા સમક્ષ કરેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આંક–૧૨૮ અને આંક–૧૨૯. થી ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે જેમા તેઓની સહી છે આ પ્રમાણપત્રો બિનખેડુતોને ઈસ્યુ કરવામાં આવેલ હોય તે અંગે ફરીયાદ તલાટી સણસોલી આરોપી નં.૩ ડી.એસ.સોની સામે કરેલ છે. સદર સાહેદ આરોપી નં.૩ ડી.એસ.સોનીને જોયેથી ઓળખી બતાવે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે જયારે આ ફરીયાદ થયેલ તે સમયે તલાટી કમમંત્રી હાલના આરોપી હતા. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓના ખાતામા કોને શુ કામગીરી કરેલ તેની કોઈ લેખિત નોંધ નથી. વધુમા સદર સાહેદ તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ કોઈ દસ્તાવેજો રજુ કરેલ છે અને તેની કાર્યવાહી તેઓ રૂબરૂ થયેલ નથી. વધુમાં સદર સાહેદ તે હકીકતનો ઈનકાર કરે છે કે ફરીયાદ આપવા માટે ગામ નમુના નં.૬ ઉપજાવી કાઢેલ.

**૩૨.** આ કામમાં **સાહેદ મહેશકુમાર મનુભાઈ વડગામા**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે તેઓ હાલ નાયબ મુખ્ય સાક્ષર નિષ્ણાંત તરીકે હેન્ડ રાઈટીગ વિભાગમાં એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. સદર સાહેદ વધુમાં જણાવે છે કે સદર ગુનાના કામે તકરારી દસ્તાવેજો તેઓની કચેરીએ ચકાસણી માટે પો.સ.ઈ. મહેમદાવાદના પત્ર તથા સાથે પોલીસ અધિક્ષક ખેડા નડીઆદના પત્ર તા.૧૦/૦૭/૦૭ થી તેઓની કચેરીએ આવેલ આંક–૧૪૯

અને આંક–૧૫૦ થી રેકર્ડ પર છે અને સદર કેસના દસ્તાવેજો તા.૩૦/૦૮/૦૭ ના પત્રથી તેઓની કચેરીએ આવેલ જેમા તકરારી દસ્તાવેજનું વર્ણન તથા નમુનાના દસ્તાવેજોનું વર્ણન, કુદરતી દસ્તાવેજોનું વર્ણન અને પ્રશ્નોતરી હતી જે આંક–૧૫૨ અને આંક–૧૫૩ થી રેકર્ડ પર છે. સદરહું કેસમાં તકરારી દસ્તાવેજ તરીકે ગામ નમુના નં.૬ નુ હકકપત્રક તથા ગામ નમુના નં.૭/૧૨ કે જેમા તકરારી લખાણ અને સહી જેને તેઓએ ડી/૧ થી ડી/૪ માર્ક આપેલ છે જેમા તેઓએ લાલ પેન્સીલથી ગોળ કુંડાળુ કરી તકરારી સહી તથા તકરારી લખાણ જેમા તેમની કચેરીના એ.બી. કેસ નં.૪૪ ૮/૦૭ આપેલ છે જેમા તેઓની ટુંકી સહી છે જે આંક–૧૫૪ અને આંક–૧૫૫ થી રેકર્ડ પર છે. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાનો દસ્તાવેજ તરીકે માર્ક એસ/૧ થી એસ/૬ સહીના નમુના તથા ગામ નમુના નં.૬ માં માર્ક એસ/૭ થી એસ/૧૨ કે જે નમુનાની સહીઓ છે અને માર્ક એસ/૧૩ થી એસ/૧૮ કે જે નમુનાના લખાણ છે જે સહીઓ અને લખાણ ગામના નમુના નં.૬ હકકપત્રકના ફોર્મ ઉપર લેવામાં આવેલ છે જે કુલ છ ફોર્મ છે જેમા તેઓએ માર્ક એસ/૭ થી એસ/૧૨ થી અને એસ/૧૩ થી એસ/૧૮ આપેલ છે જેમા તેઓએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એસ/૭ થી એસ/૧૨ અને એસ/૧૩ થી એસ/૧૮ આપેલ છે જેમા અમારી કચેરીનો એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા તેઓની ટુંકી સહી છે જે સંયુકત આંક–૧૫૬ તથા સંયુકત આંક–૧૫૭ થી રેકર્ડ પર છે. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાના દસ્તાવેજ તરીકે માર્ક એસ/૧૯ થી એસ/૨૪ કે જે નમુનાની સહીઓ છે અને માર્ક એસ/૨૫ થી એસ/૩૦ કે જે નમુનાના લખાણ છે જે સહીઓ અને લખાણ ગામના નમુના નં.૭/૧૨ ના બે અસલ ફોર્મ અને ચાર ઝેરોક્ષ ફોર્મ ઉપર લેવામાં આવેલ છે જે નમુનાના લખાણને અમોએ માર્ક એસ/૧૯ થી એસ/૨૪ થી અને એસ/૨૫ થી એસ/૩૦ આપેલ છે જેમા તેઓએ વાદળી પેન્સીલથી ગોળ

કુડાળું કરી માર્ક એસ/૧૯ થી એસ/૨૪ અને એસ/૨૫ થી એસ/૩૦ આપેલ છે જેમા તેમની કચેરીનો એ.બી. કેસ નં.૪૪૮/૦૭ આપેલ છે જેમા તેઓની ટુંકી સહી છે જે સંયુકત આંક–૧૫૮ થી રેકર્ડ પર છે. ઉપરોકત તકરારી લખાણ અને સહીઓની સરખામણી કરવા માટે નમુનાનો દસ્તાવેજ ઉપરાંત કુદરતી લખાણ અને સહીઓ કે જે નમુના નં.૫ સામાન્ય રોકડમેળના રજીસ્ટરના પાના નં.૩૪ થી પાના નં.૪૪ સુધી કુદરતી લખાણ અને સહીઓને માર્ક એન/૧ થી એન/૨૪ આપેલ છે જે કુદરતી લખાણ અને સહીઓને તેઓએ વાદળી પેન્સીલથી ગોળ કુડાળું કરી માર્ક એન/૧ થી એન/૨૪ આપેલ છે જેમા તેમની કચેરીનો એ.બી. કેસ નં.૪૪ ૮/૦૭ આપેલ છે જેમા તેઓની ટુંકી સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે નમુના નં.૫ સામાન્ય રોકળમેળ આંક–૧૫૯ થી રેકર્ડ પર છે. વધુમા સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે ઉપરોકત તકરારી દસ્તાવેજો, નમુનાના દસ્તાવેજો, કુદરતી દસ્તાવેજોનું જરૂરી વૈજ્ઞાનિક સાધનોથી સઘન અને તલસ્પર્શી પરીક્ષણ બાદ તેઓ એવા અભિપ્રાય ઉપર આવેલ છે કે, " **જે વ્યકિતએ વાદળી કુંડાળુ કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહીઓ માર્ક એસ/૧ થી એસ/૩૦ અને એન/૧ થી એન/૨૪ લખેલ છે તે જ વ્યકિતએ લાલ કુડાળુ કરેલ તકરારી લખાણ અને સહીઓ માર્ક ડી/૧ થી ડી/૪ લખેલ છે." હાલના કામમાં તકરારી દસ્તાવેજોમા લખેલ લખાણો આરોપી નં.૩ ધર્મેન્દ્રભાઈ સોનીના છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે કોમ્પ્યુટરાઈઝ ટાઈપ કરેલ અભિપ્રાયમાં તેઓની તથા તેમના સાથી કર્મચારી શ્રીમતી ડી.જે.શાહની સહી છે જે બંને સહીઓ તેઓ ઓળખી બતાવે છે જે અભિપ્રાય તેઓએ આપેલ જે આંક–૧૬૦ થી રેકર્ડ પર છે અને ઉપરોકત અભિપ્રાય ઉપર આવવા માટે જરૂરી વૈજ્ઞાનિક કારણો જે કુલ બે પાનામા છે જેમા બંને પાનામા તેઓની સહી છે જે આંક–૧૬૧ થી રેકર્ડ પર છે.**

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા તેઓ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકત કબુલ કરે છે કે હસ્તાક્ષર અંગેનો અભિપ્રાય આપવો હોય તો સ્પેશ, સ્લાન્ટ, પ્રેશર વગેરેનો અભ્યાસ કરીને આપવાનો હોય છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે વ્યકિતના હસ્તાક્ષર અને હસ્તાક્ષરના ઈમ્પ્રેશનનો અભ્યાસ કરીને અભિપ્રાય આપી શકાય. સદર સાહેદ ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ અભિપ્રાય આપતા પહેલા આવશ્યક તત્વો જોયેલ નથી અને ખોટો અભિપ્રાય આપેલ છે.

૩૩. આ કામમાં **સાહેદ નિશાંત ધનજીભાઈ સોલંકી**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ સને ૨૦૦૬/૦૭ માં મહેમદાવાદ પો.સ્ટે.માં સીની. પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૦૭/૦૯/૨૦૦૬ ના રોજ મહેમદાવાદ પો.સ્ટે.ના પી.એસ.ઓ. હે. કો. ભુપતસિંહ ચંદુભાઈનાએ મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૭/૨૦૦૬ થી ગુનો ફરીયાદીશ્રી આર.એલ.શાહ મામલતદાર મહેમદાવાદનાઓની ફરીયાદ અનુસાર સદર ગુનાના આરોપી (૧) દલસુખભાઈ વાલજીભાઈ પ્રજાપતિ તથા (૨) ગંગારામ મુળદાસ જોશી (૩) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની વગેરે વિરૂધ્ધમાં આરોપી નં.૧,૨ નાઓ પોતે ખેડુત ખાતેદાર ના હોવા છતા મામલતદાર કચેરી મહેમદાવાદથી ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારુ ગુનાહિત કાવતરું રચી મોજે સણસોલી તા.મહેમદાવાદના હકકપત્રકની ફેરફાર નોંધ નં.૧૦૦૪ તા.૨૬/૦૧/૦૩ ની નોંધ તથા બ્લોક નં.૬૦૬ વાળી જમીનના ૭/૧૨ ની નોંધ આધારે ખોટા સોગંદનામા કરેલ અને ખોટા ખેડુત પ્રમણપત્ર મેળવેલ. વધુમાં સદર સાહેદ

તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેઓએ આ કામના તમામ તકરારી દસ્તાવેજો તપાસના કામે કબજે કરેલ અને આરોપી નં.૩ ના કુદરતી લખાણ, સહીના નમુના તથા રોજમેળ કબજે કરી એફ.એસ.એલ. ખાતે અભિપ્રાય માટે મોકલી આપેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે તેઓએ સહીના નમુનાના પંચનામા, રોજમેળના પંચનામા, મહેસુલી રેકર્ડની નકલોના પંચનામા પંચો રૂબરૂ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા ચાર્જશીટ કરેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આરોપીઓએ ખોટી મહેસુલની નકલો મુકી ખોટા ખેડુત ખાતેદારનો દાખલો મેળવેલ હોવાનુ તેઓની તપાસમા ખુલેલ. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે.

## ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦બી પુરવાર કરવા માટે આવશ્યક તત્વોની ચર્ચા

**૩૪.** હાલના કામનાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનાનો આક્ષેપ છે. આ કામમાં ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૭૧ પુરવાર કરવા માટે સૌપ્રથમ ફરીયાદપક્ષે ઈ.પી.કો.કલમ–૪૬૩ પુરવાર કરવી પડે જેમા ફરીયાદપક્ષને સૌ પ્રથમ તે હકીકત પુરવાર કરવી પડે કે હાલના કામના આરોપીએ ખોટો દસ્તાવેજ બનાવેલ છે જેનાથી કોઈ વ્યકિતને હાનિ પહોચે. ફરીયાદપક્ષે ઉપરોકત કલમોને પુરવાર કરવા માટે તે હકીકત પુરવાર કરવી પડે કે ખોટો દસ્તાવેજ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ ભોગ બનનાર સાથે ફ્રોડ કરવાનો હતો અથવા ભોગ બનનાર સાથે ફ્રોડ થયેલ હોવું જોઈએ. ફરીયાદપક્ષે ઈ.પી.કો.કલમ–૪૬૫ પુરવાર કરવા માટે તે હકીકત પુરવાર કરવી પડે કે આરોપીએ કોઈ ખોટો દસ્તાવેજ બનાવેલ છે, દસ્તાવેજમાં ખોટી સહી કરેલ છે અથવા તે ખોટો દસ્તાવેજ Execute કરેલ છે.

ફરીયાદપક્ષે તે હકીકત પણ પુરવાર કરવી પડે કે આરોપીએ સદર ખોટો દસ્તાવેજ Dishonestly અથવા Fraudulently રીતે કરેલ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે આખો દસ્તાવેજ ખોટો છે અથવા દસ્તાવેજનો કોઈ ભાગ ખોટો છે અને તે દસ્તાવેજ Dishonestly અથવા Fraudulently રીતે કરવામાં આવેલ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે ખોટો દસ્તાવેજ કરવાનો ઉદ્દૃશ કોઈ વ્યકિતને હાનિ પહોચાડવાનો હોવો જોઈએ અથવા કોઈ વ્યકિતને તેના કબજામાં આવેલી મિલકત આપે તે દસ્તાવેજનો ઉદ્દૃશ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે દસ્તાવેજ ખોટો દસ્તાવેજ છે અને તે ઈ.પી.કો.કલમ–૪૬૪ માં પડે છે અને તે ખોટો દસ્તાવેજ તે આરોપી ધ્વારા બનાવવામાં આવેલ હોવો જોઈએ અને તેઓ ઉદ્દૃશ ઈ.પી.કો.કલમ–૪૬૩ માં જણાવેલ હોવો જોઈએ. ઈ.પી.કો.કલમ–૪૬૮ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર ખોટો દસ્તાવેજ બનાવવાનો મુખ્ય ઉદ્દૃશ ભોગ બનનાર સાથે ચીટીગ કરવાનો હતો અને તે દસ્તાવેજ ખોટો દસ્તાવેજ હોવો જોઈએ (Forged Document)હોવો જોઈએ. ઈ.પી.કો.કલમ–૪૭૧ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર દસ્તાવેજ (Forged Document) હતો અને આરોપી તે દસ્તાવેજનો તેવી રીતે વાપરતા હતા કે તે દસ્તાવેજ સાચો અને ખરો દસ્તાવેજ છે.

**૩૫.** ઈ.પી.કો.કલમ–૪૬૭ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌપ્રથમ ઈ.પી.કો.કલમ–૪૬૩ પુરવાર કરવી પડે. વધુમાં ઈ.પી.કો.કલમ–૪૬૭ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે દસ્તાવેજ Valuable Security અથવા Will અથવા An authority which purports to authorize

any person to make or transfer any valuable security or to receive the principle etc. ઈ.પી.કો.કલમ–૪૭૧ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર દસ્તાવેજ (Forged Document) હતો અને આરોપી તે દસ્તાવેજનો તેવી રીતે વાપરતા હતા કે તે દસ્તાવેજ સાચો અને ખરો દસ્તાવેજ છે.

## ઈ.પી.કો.કલમ–૪૨૦,૧૨૦બી પુરવાર કરવા માટે આવશ્યક તત્વોની ચર્ચા

૩૬. ઈ.પી.કો.કલમ–૪૨૦ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌ પ્રથમ ઈ.પી.કો.કલમ–૪૧૫ અને ઈ.પી.કો.કલમ–૨૪ પુરવાર કરવી પડે. આ કામના આરોપીઓએ શરૂઆતથી યોજનાપુર્વક ફરીયાદી શ્રીસરકાર સાથે ઠગાઈ કરવાની યોજના રચી હતી. વધુમાં આ કામના તમામ આરોપીઓએ સદર ગુનામાં મીટીગ ઓફ માઈન્ડ (Meeting of Mind) શરૂઆતથી હતુ જે ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે. આ કામના આરોપીઓએ શરૂઆતથી ગુનાહિત કાવતરું રચેલ હતુ અને તેવી રીતે તેઓ વર્તન કરતા હતા. વધુમાં હાલના કામના આરોપી નં.૧ તથા ૨ નાએ પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે અને આરોપી નં.૩ નાએ આરોપી નં.૧ અને ૨ ને ખોટો દાખલો મેળવવામાં મદદગારી કરેલ જે ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે. આ કામના તમામ આરોપીઓએ બદદાનતથી અને કપટપુર્વક પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે. હાલના કામમાં ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે આ કામના તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી યોજનાપુર્વક અને બદદાનતથી તથા કપટપુર્વક પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે.

## દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન સાક્ષીઓની જુબાનીના સંદર્ભમાં.

**૩૭.** આ કામમાં ફરીયાદી આર.એલ.શાહ તે હકીકતને સમર્થન આપે છે કે, આ કામમા ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે સર્વે નં.૬૦૬ ની છે તે સર્કલ ઓફીસર મહેમદાવાદનાઓએ રદ કરેલ જે આંક–૧૨૪ થી રેકર્ડ પર છે. આ કામમાં આંક–૧૨૫ થી સર્વે નં.૬૦૬ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલમા સોમાભાઈ બેચરભાઈનું નામ છે. હાલના કામમા આરોપી નં.૩ તલાટી કમમંત્રી તરીકે સણસોલી ગામમા જે તે સમયે ફરજ બજાવતા હતા તેઓએ ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મહેમદાવાદનાએ રદ કરેલ હોવા છતા ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્વે નં.૬૦૬ ની બનાવેલ છે જેમા આરોપી નં.૧ અને ૨ નું નામ છે અને તે ખોટી નોંધના આધારે સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારામાં આરોપી નં.૧ અને ૨ નું નામ દાખલ કરેલ છે જે ખોટી હકકપત્રકની નોંધ તથા ખોટા ૭/૧૨ ના ઉતારા આંક–૧૨૨ અને આંક–૧૨૩ થી રેકર્ડ પર છે જે ઘ્યાનપુર્વક વંચાણે લેતા તેમા આરોપી નં.૩ ની સહી છે. વધુમાં આરોપી નં.૩ ઘ્વારા બનાવવામાં આવેલ ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ ના ત્રીજા કોલમમાં સદર નોંધ પેઢીનામા આધારે પ્રમાણિત કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ફરીયાદી તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે તે સમયે રદ થયેલ હોવાથી તેની અસર મહેસુલી રેકર્ડમાં આપી શકાય નહી તેમ છતા આરોપી નં.૩ નાએ આરોપી નં.૧ અને ૨ ને મહેસુલી રેકર્ડમાં ખાતેદાર બતાવેલ છે જે આ કામે આંક–૧૨૩ થી રેકર્ડ પર છે. વધુમાં ફરીયાદી તે હકીકતને સમર્થન આપે છે કે તેઓને આરોપીઓ વિરૂઘ્ધ ફરીયાદ કરવા માટે મંજુરી આપવામાં આવેલ જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આંક–૯૧ થી રેકર્ડ પર છે.

૩૮. આ કામમાં સાહેદ જગદીશભાઈ જયંતીભાઈ પટેલ તે હકીકતને સમર્થન આપે છે કે સને ૨૦૦૬ માં તેઓ સણસોલી ગામે તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે આરોપી નં.૩ ધ્વારા બનાવવામાં આવેલ ખોટી ૭/૧૨ ના ઉતારાની નકલમાં આરોપી નં.૧ અને ૨ નું નામ છે જે ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ ના આધારે પડેલ છે જે આંક–૧૨૨ થી રેકર્ડ પર છે જેમા પેઢીનામા આધારે પ્રમાણિત કરેલાનો શેરો કરવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આંક–૧૩૩ થી આંક–૧૩૬ સુધી રજુ થયેલ સર્વે નં.૬૦૬ ના ગામ નમુના નં.૭/૧૨ માં સોમાભાઈ બેચરભાઈનું નામ છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આંક–૧૩૭ થી રજુ થયેલ સાચી ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મહેમદાવાદનાઓએ નામંજુર કરેલ જે ફેરફાર નોંધ સાચી છે જયારે આંક–૧૨૨ વાળી ફેરફાર નોંધ ૧૦૦૪ તા.૨૬/૧૨/૦૩ ની ખોટી નોંધ છે જેમા સણસોલી ગ્રામ પંચાયત તલાટી કમમંત્રીની સહી તથા સીકકો છે જે હાલના આરોપી નં.૩ નાઓ છે. વધુમા સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તા.૨૬/૧૨/૦૩ ના રોજ સણસોલી ગ્રામ પંચાયત તલાટી કમમંત્રી ડી.એસ.સોનીનાએ આંક–૧૨૨ વાળી નોંધ ખોટી આપેલ છે. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે.

૩૯. આ કામમાં સાહેદ ગીરીશભાઈ ભારમલભાઈ બારડ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓ મહેમદાવાદ નાયબ મામલતદાર મહેસુલ તરીકે ફરજ બજાવતા હતા અને આંક–૧૨૪ થી રજુ સાચી ફેરફાર નોંધ નં.૧૦૦૪ રદ થયેલ છે જેથી તે નોંધ ૭/૧૨ ના રેકર્ડમાં આવે નહી અને આંક–૧૨૩ થી રજુ ખોટા ૭/૧૨ ના ઉતારામાં કબજેદારના નામ ખોટા ચઢેલ છે જે આરોપી નં.૧ તથા ૨ ના છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આ કામે આંક–૧૨૨ થી રજુ ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ બ્લોક સર્વે નં.૬૦૬ તા.૨૬/૧૨/૦૩ ની પેઢીનામા આધારે સર્કલ ઓફીસરશ્રીએ પ્રમાણિત કરેલ છે

જે ફેરફાર નોંધ તલાટી કમમંત્રી સણસોલી ગ્રામ પંચાયત તા.મહેમદાવાદનાએ આપેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૨૪ થી રજુ ફેરફાર નોંધ નં.૧૦૦૪ સાચી છે જે રદ થયેલ છે જેમા આરોપી નં.૩ ઘ્વારા આપવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૦૦૪ ખોટી છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આરોપી નં.૧ અને ૨ નાઓએ ખેડુત પ્રમાણપત્ર મેળવવા માટે એફીડેવીટ રજુ કરેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે આરોપી નં.૧ અને ૨ નાએ ખેડુત દાખલો મેળવવા માટે જે અરજી કરેલ તેની સાથે ૭/૧૨ અને ૮–અ અને ગામ નમુના નં.૬ ની નકલ આપનાર આરોપી નં.૩ તલાટીને તેઓ ઓળખી બતાવે છે. સદર સાહેદ આંક–૧૨૬ અને આંક–૧૨૭ થી આરોપી નં.૧ તથા ૨ નાએ કરેલ અરજીમાં ખેડુત ખાતેદારનો દાખલો મેળવવાની અરજીમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

૪૦. આ કામમાં સાહેદ કિશોર આનંદશંકર પંડયા તેઓની જુબાનીમાં જણાવે છે કે મહેમદાવાદ મામલતદાર તરીકે સને ૨૦૦૦–૦૭ માં ફરજ બજાવતા હતા. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આરોપી નં.૧ અને ૨ નાએ ખેડુત પ્રમાણપત્ર મેળવવા અરજી કરેલ જે આંક–૧૨૬ અને આંક–૧૨૭ થી રેકર્ડ પર છે જેમા આરોપી નં.૧ અને ૨ ની સહી છે જે તે ઓળખી બતાવે છે તથા સદર બંને દસ્તાવેજમાં સદર સાહેદ નાયબ મામલતદાર ગીરીશભાઈ ભારમલભાઈ બારડની પણ સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે આરોપી નં.૨ ઘ્વારા આંક–૧૨૮ અને આંક–૧૨૯ માં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે પ્રમાણપત્ર વંચાણે લેતા તે આરોપી નં.૧ તથા ૨ ના નામે ઈસ્યુ કરવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મહેમદાવાદનાએ રદ કરેલ જે આ કામે આંક–૧૨૪ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં

જણાવે છે કે આરોપી નં.૩ નાએ બ્લોક સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ નો ઉતારો ઈસ્યુ કરેલ જેમા આરોપી નં.૧ અને ૨ નુ નામ છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ જે આંક–૧૨૨ થી રેકર્ડ પર છે તે આરોપી નં.૩ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ. વધુમા સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આંક–૧૨૪ થી રજુ ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મહેમદાવાદનાએ રદ કરેલ છે જેમા સર્કલ ઓફીસર મહેમદાવાદની સહી તથા સીકકો છે અને તે નોંધ સાચી છે અને મામલતદાર કચેરી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે જયારે આંક–૧૨૨ ની નોંધ ખોટી અને તે આરોપી નં.૩ નાઓ ધ્વારા આપવામાં આવેલ છે. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે.

**૪૧.** આ કામમાં સાહેદ સંજયભાઈ ગોવિંદભાઈ શાહ સ્ટેમ્પ વેન્ડર તરીકે મહેમદાવાદ મામલતદાર કચેરીએ બેસતા હતા અને તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે આંક–૧૧૭ અને આંક–૧૧૮ થી રજુ રૂ.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓએ આરોપી નં.૧ અને ૨ વતી ખરીદેલ અને તે બંને સ્ટેમ્પપેપરમાં જે એફીડેવીટ કરેલ છે તે તેઓના હસ્તાક્ષરમા છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આ એફીડેવીટ આરોપી નં.૩ તેઓ સમક્ષ લાવેલ અને આ સ્ટેમ્પપેપર તેઓ પાસે આરોપી નં.૩ નાઓએ અમદાવાદથી મંગાવેલ. વધુમાં સદર સાહેદ આરોપી નં.૩ ને જોયેથી ઓળખી બતાવે છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે એફીડેવીટ કરવા માટે આરોપી નં.૩ સાથે આરોપી નં.૧ તેઓ સમક્ષ આવેલ અને તે વખતે તેઓ પાસે ૭/૧૨, ૮–અ હતી જે જોઈને તેઓએ એફીડેવીટ લખેલ જે ૭/૧૨ ના ઉતારામા સણસોલી ગામના તલાટીનો સીકકો છે. વધુમાં સદર સાહેદ તે હકીકતને સમર્થન

આપે છે કે આરોપી નં.૧ અને ૨ નાએ ૭/૧૨ અને ૮–અ ના ઉતારાને આધારે આરોપી નં.૩ પાસે કરાવેલ.

**૪૨.** આ કામમાં એફ.એસ.એલ. અધિકારી મહેશકુમાર મનુભાઈ વડગામા તે હકીકતને સમર્થન આપે છે કે તકરારી દસ્તાવેજો તથા રોજમેળ તેઓ તરફ ત.ક.અ. એ અભિપ્રાય માટે મોકલેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, ઉપરોકત તકરારી દસ્તાવેજો, કુદરતી દસ્તાવેજો જરૂરી વૈજ્ઞાનિક સાધનોથી સઘન અને તલસ્પર્શ પરીક્ષણ બાદ સ્ટાન્ડર્ડ લખાણ અને સહીઓ એસ–૧ થી એસ–૩૦ અને એન–૧ થી એન–૨૪ જે વ્યકિતએ લાલ કુંડાળુ કરેલ તકરારી લખાણ અને સહીઓ માર્ક ડી–૧ અને ડી–૪ લખેલ છે. હાલના કામે ડી–૧ થી ડી–૪ તકરારી દસ્તાવેજ આંક–૧૫૪ અને આંક–૧૫૫ થી રેકર્ડ પર છે જેમા લખેલ લખાણ આરોપી નં.૩ નાએ લખેલ છે અને સહી પણ આરોપી નં.૩ ની છે જેની આરોપી નં.૩ ના સહીના નમુના તથા લખાણ એસ–૧ થી એસ–૩૦ આરોપી નં.૩ ના છે અને એન–૧ થી એન–૨૪ માં સહીઓ તથા લખેલ લખાણ પણ આરોપી નં.૩ ના છે જે અંગે એફ.એસ.એલ. અધિકારીએ તેઓનો અભિપ્રાય આપેલ છે જે આંક–૧૬૦ થી રેકર્ડ પર છે તથા તે અભિપ્રાય ઉપર આવવા માટેના કારણો આંક–૧૬૧ થી રેકર્ડ પર છે. આમ હાલના કામમાં એફ.એસ.એલ. અધિકારીના અભિપ્રાયથી પુરવાર થાય છે કે જે તકરારી દસ્તાવેજ આંક–૧૫૪ અને આંક–૧૫૫ થી રેકર્ડ પર છે તે આરોપી નં.૩ નાએ તેમના અક્ષરમાં લખેલ છે જેથી ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ છે કે આરોપીએ ખોટો દસ્તાવેજ બનાવેલ છે. આ કામમાં ત્રણેય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં બ્લોક સર્વે નં.૬૦૬ ની ફેરફાર નોંધ નં.૧૦૦૪ તથા બ્લોક સર્વે નં.૬૦૬ ના ગામ નમુના નં.૭/૧૨ ના ખોટા દસ્તાવેજો બનાવેલ છે જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ

**ઈ.પી.કો.કલમ–૪૬૩, ૪૬૪, ૪૬૫** મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.

આ કામમાં આરોપી તરફે તેવી કોઈ રજુઆત નથી કે આરોપી નં.૩ બનાવ સમયે સણસોલી ગામના તલાટી કમમંત્રી ન હતા. આ કામમાં આરોપી નં.૧ અને ૨ ખેડુત ખાતેદાર ના હોવા છતા આરોપી નં.૩ નાએ ફેરફાર નોંધ નં.૧૦૦૪ માં તેમનું નામ બ્લોક સર્વે નં.૬૦૬ માં ઉમેરેલ છે અને બ્લોક નં.૬૦૬ ના ૭/૧૨ ના ઉતારામા ઉમેરેલ છે જે ફેરફાર નોંધ નં.૧૦૦૪ અને ૭/૧૨ નો ઉતારો બંને દસ્તાવેજો ખોટા દસ્તાવેજ છે જે આરોપી નં.૩ નાએ બનાવેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ આરોપી નં.૧ અને ૨ નો ખેડુત ખાતેદારનુ પ્રમાણપત્ર મેળવવાનો હતો. હાલના કામમાં ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે ખરી ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મામલતદારનાએ નામંજુર કરેલ છે તથા બ્લોક સર્વે નં.૬૦૬ ના ઉતારામાં સોમાભાઈ બેચરભાઈનું નામ છે જે ૭/૧૨ ના ઉતારા આંક–૧૨૫, આંક–૧૩૩ થી આંક–૧૩૬ રેકર્ડ પર છે. આમ હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ **ઈ.પી.કો.કલમ–૪૬૭** મુજબનો ગુનો પુરવાર થાય છે.

આ કામમાં આરોપી નં.૩ નાએ જે ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ અને ખોટા ૭/૧૨ ના ઉતારા બનાવેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ સરકાર સાથે ઠગાઈ કરવાનો હતો અને જયારે કોઈપણ ખોટો દસ્તાવેજ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ ઠગાઈ કરવાનો પુરવાર થાય ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ **ઈ.પી.કો.કલમ–૪૬૮** મુજબનો ગુનો કરવામાં સફળ થયેલ છે.

આ કામમાં આરોપી નં.૩ નાઓએ બ્લોક સર્વે નં.૬૦૬ ની ખોટી ફેરફાર નોંધ નં.૧૦૦૪ બનાવેલ અને બ્લોક સર્વે નં.૬૦૬ ના ઉતારા બનાવી આરોપી નં.૧ અને ૨ નું નામ ફેરફાર નોંધ નં.૧૦૦૪ માં દાખલ કરેલ જે તેઓ જાણતા હતા કે સદર બંને દસ્તાવેજો ખોટા છે અને તે ખોટા દસ્તાવેજના આધારે આરોપી નં.૩ સ્ટેમ્પ પેપર મંગાવી આરોપી નં.૧ અને ૨

ની ખોટી એફીડેવીટ સ્ટેમ્પ વેન્ડર પાસે કરાવેલ જે હકીકત સ્ટેમ્પ વેન્ડરની જુબાનીથી પુરવાર થયેલ છે જેનો મુખ્ય ઉદ્દેશ ખેડુત પ્રમાણપત્ર મેળવવાનો હતો જેથી હાલના કામના ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારીથી ઉપરોકત ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોય ફરીયાદપક્ષ **ઈ.પી.કો.કલમ–૪૭૧** મુજબનો ગુનો પુરવાર કરવામા સફળ થયેલ છે.

૪૩. આ કામમાં નામ. સુપ્રીમકોર્ટનો ચુકાદો **Rama Shankar Lal v/s State Of Uttar Pradesh reported in 1971 (3) SCC 905 : માં** પેરા નં.૧૨ માં ઠરાવેલ છે કે,

**"12. The certified copy in the case before us being a forged document it must be held that it was used by Rama Shankar Lal and Sukh Bhanjan Lal, appellants, as genuine which they knew to be forged and this was done both fraudulently and dishonestly. On behalf of the appellants the challenge to their conviction in this court was confined to the attempt to show that the certified copy is a true copy of the original sale deed. In other words, it was sought to be established that the original sale deed conveyed four plots of land measuring 22 biswas and not two plots measuring only 10 biswas as alleged by the prosecution. On this point the High Court disagreed with the Trial court and, in our opinion, rightly. No legal infirmity had been pointed out in the reasoning and the conclusion of the High court on this point. In any event, whether the original sale deed was first forged and then a**

**copy made of the forged document or the copy was a false document, makes little difference. The appellants in this case knew that the document they used did not represent the original sale deed. In other words it was either forged or a forged copy was prepared, in either event they were using as genuine a forged document knowing it to be forged. The conviction of Rama Shankar Lal and Sukhbhanjan Lal under sec. 471, Indian penal code must, therefore, be upheld."**

આમ ઉપરોકત નામ. સુપ્રીમકોર્ટના ચુકાદો સદર કેસમાં લાગુ પડે છે. આમ હાલના કામના તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી સરકાર સાથે ઠગાઈ કરેલ છે.

**ઈ.પી.કો.કલમ–૪ર૦ ની ચર્ચા**

૪૪. આ કામમાં ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ તથા સાહેદ જગદીશભાઈ જયંતીભાઈ પટેલ, સાહેદ ગીરીશભાઈ ભારમલભાઈ બારડ, સાહેદ કિશોર આનંદશંકર પંડયા તે હકીકતને સમર્થન આપે છે કે આ કામમાં આંક–૧ર૪ થી રજુ ફેરફાર નોંધ નં.૧૦૦૪ સર્કલ ઓફીસર મહેમદાવાદ ધ્વારા રદ કરવામાં આવેલ જે નોંધ સાચી છે જયારે આ કામમાં આંક–૧રર થી રજુ ફેરફાર નોંધ નં.૧૦૦૪ આરોપી નં.૩ નાઓએ બનાવેલ જે નોંધ ખોટી છે. વધુમાં આરોપી નં.૩ ધ્વારા સર્વે નં.૬૦૬ ના ૭/૧ર ના ઉતારાની નકલ જેમા આરોપી નં.૧ તથા ર નું નામ છે તે નકલ આંક–૧ર૩ થી રેકર્ડ પર છે જે નકલ ખોટી છે. આમ હાલના કામના આરોપી નં.૩ નાએ સર્વે નં.૬૦૬

ના ૭/૧૨ ના ઉતારાની નકલ તથા ફેરફાર નોંધ નં.૧૦૦૪ દસ્તાવેજો ખોટા બનાવેલ છે અને તે ખોટા દસ્તાવેજોનો સાચા અને ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગમાં લઈ સરકાર સાથે ઠગાઈ કરેલ હોવાનું પુરવાર થાય છે.

વધુમાં હાલના કામમાં ત્રણેય આરોપીઓએ શરૂઆતથી ગુનાહિત કાવતરૂ રચી ખોટા દસ્તાવેજો ઉભા કરી મામલતદાર મહેમદાવાદ પાસેથી ખોટા ખેડુત પ્રમાણપત્ર મેળવેલ જે આ કામે આંક–૧૨૮ તથા આંક–૧૨૯ થી રેકર્ડ પર છે. આ કામનો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા તે હકીકત ફલીત થાય છે કે આ કામના આરોપીઓએ શરૂઆતથી યોજનાપુર્વક ફરીયાદી શ્રી સરકાર સાથે ઠગાઈ કરવાની યોજના રચી હતી. આ કામના આરોપીઓએ સદર ગુનામાં શરૂઆતથી જ ગુનાહિત કાવતરૂ રચેલ હતુ અને તેવી રીતે તેઓ વર્તન કરતા હતા. આ કામના આરોપી નં.૧ અને ૨ નાએ પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે અને આરોપી નં.૩ નાએ ખોટો ૭/૧૨ નો ઉતારો તથા ફેરફાર નોંધ નં.૧૦૦૪ બનાવેલ છે જે પુરવાર થાય છે. આ કામના તમામ આરોપીઓએ બદદાનતથી અને કપટપુર્વક પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે. **હાલના કામનાં ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આરોપી નં.૩ નાએ તલાટી કમમંત્રી તરીકે આરોપી નં.૧ અને ૨ ના નામ ફેરફાર નોંધ નં.૧૦૦૪ તથા સર્વે નં.૬૦૬ ના ૭/૧૨ માં કપટપુર્વક અને બદદાનતથી નામ દાખલ કરેલ છે જે આધારે મામલતદાર કચેરી મહેમદાવાદનાઓએ તેઓને ખેડુત હોવાનો ખોટો દાખલો મેળવવા અરજીઓ કરેલ, ખોટી એફીડેવીટો કરેલ તથા મામલતદાર કચેરી મહેમદાવાદ પાસેથી ખોટા ખેડુત દાખલા મેળવેલ હાલના કામના દરેક આરોપીની ગુનાહિત ભુમિકા તથા રેકર્ડ પરની જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ છે કે આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી સરકાર સાથે ઠગાઈ કરેલ છે. આમ હાલના કામમાં ફરીયાદપક્ષ**

**આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૪૨૦, ૧૨૦ બી મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.**

**૪૫.** આ કામમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **Roop Narayan Meena S/o Harnarayan Meena v/s Central Bureau Of Investigation Reported in 2025 (0) AIJEL-HC 251216 માં** નામ. ગુજરાત હાઈકોર્ટે પેરા નં.૬૩ અને પેરા નં.૧૦૩ માં ઠરાવેલ છે કે,

**"63. According to the prosecution, the original accused no.3 Ankit Changani, in connivance with the present appellants- accused nos.1 and 2, hatched a criminal conspiracy, and in furtherance to their common object, he dishonestly and fraudulently submitted false export documents, which were improperly and illegally endorsed by the present appellants- accused nos.1 and 2, disregarding the rules and regulations, thereby showing undue favour to M/s.Amardeep Exports and causing wrongful loss to the Government and the Public Exchequer to the tune of Rs.23,30,270=00 and corresponding wrongful gain to M/s.Amardeep Exports, Jamnagar."**

**"103. In the instant case, as discussed herein above in details, the evidence clearly establishes that both the appellants-accused had joined hands with the accused no.3, who hatched the criminal conspiracy to cheat and deceive the Government and the Pubic Exchequer by taking disadvantage**

**of the loophole in the system and by exporting the goods other than the one declared in the export documents, and they both had actively participated in the offence by intentional omission and intention act, thereby facilitating the accused no.3 in committing the entire offence. Therefore, the argument advanced by learned advocate Mr.Trivedi that since there is no evidence on record to suggest that both the appellants-accused have been benefited, no offence under Section 420 read with Section 120B of the Indian Penal Code can be said to have been committed by the appellants-accused, would be of no avail to them since from the conjoin reading of Sections 415 and 23 of the Indian Penal Code, it clearly appears that the trial court has rightly convicted both the appellants-accused for the offence under Section 420 read with Section 120B of the Indian Penal Code. It is pertinent to note that there cannot be a direct evidence regarding the illegal monetary benefit."**

૪૬. આ કામમાં નામ. સુપ્રીમકોર્ટનો ચુકાદો **Tulsi Ram v/s State Of Uttar Pradesh Reported in 1962 (0) AIJEL-SC 32170 માં** પેરા નં.૧૭ માં ઠરાવેલ છે કે,

**"17. But, in an offence u/s. 420, Indian Penal Code a pecuniary question necessarily arises. The first part of sec. 464, Indian Penal Code provides that**

a person is said to make a false document who dishonestly or fraudulently makes signs etc., a document with a particular intention and covers cases both of acts which are dishonest and acts which are fraudulent. Where no pecuniary question arises the element of dishonesty need not be established and it would be sufficient to establish that the act was fraudulent and, therefore, it may be, as the learned judge has held, that where an act is fraudulent the intention to cause injury to the person defrauded must be established. But where the allegation is that a person has dishonestly induced another to part with property something different has to be considered and that is whether he has-thereby caused a wrongful loss to the person who parted with property or has made a wrongful gain to himself. These are the two facets of the definition of dishonesty and it is enough to establish the existence of one of them. The law does not require that both should be established. The decision relied upon by learned counsel is, therefore, distinguishable. Learned counsel then referred to the dissenting Judgement of Subrahmania Ayyar, J., in Kotamraju Venkatarayudu v/s. Emperor to the effect that in regard to offences failing u/s. 465 and 461 it must be established that the deception involved some loss or risk of loss to the individual and to the

**public and that it was not enough to show that the deception was intended to secure advantage to the deceived. This decision as well as some other decisions referred to by learned counsel are therefore distinguishable for the same reason which distinguishes Sanjiv Ratanappa Ronads case from the one before us. We are, therefore of the view, that the offence of cheating has been established."**

આમ ઉપરોકત નામ. સુપ્રીમકોર્ટના તથા નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદો સદર કેસમાં લાગુ પડે છે. આમ હાલના કામના તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી સાથે ઠગાઈ કરેલ છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામનાં આરોપી (૩) **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે.મહેમદાવાદ, તા.ખેડાનાઓને **ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦** ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) સજા માટે સાંભળવા ચુકાદો મુલતવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/ ૦૩/૨૦૨૬**
**સ્થળ. ખેડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ.**
**ખેડા**
**(જી.જે.૦૧૨૧૫)**

**–:: આખરી હુકમ ::–**

(૧) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ દલીલ કરેલ છે કે, હાલના કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ખોટા ૭/૧૨ બનાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં આરોપી નં.૩ તલાટી કમમંત્રી હોવા છતા ગુનાહિત કાવતરું રચી આરોપી નં.૧ અને ૨ નાઓ સાથે મળી સણસોલી ગામે બ્લોક નં.૬૦૬ વાળી જમીનમાં મુળ માલિક સોમાભાઈ બેચરભાઈના વારસદારો નહી હોવા છતા આરોપી નં .૩ નાએ ગામ નમુના નં.૬ માં ફેરફાર નોંધ નં.૧૦૦૪ થી ખોટા પેઢીનામા આધારે આરોપી નં.૧ અને ૨ ને વારસદાર બતાવી આરોપી નં .૧ અને ૨ ને ફેરફાર નોંધથી દાખલ કરેલ અને સર્કલ ઈન્સ્પેકટરશ્રીએ સદર નોંધ રદ કરેલ હોવા છતા આરોપી નં.૩ નાએ સદર નોંધ પ્રમાણિત કરેલ અને આરોપી નં.૧ અને ૨ ને ખેડુત પ્ર માણપત્ર મેળવવા મહેસુલી રેકર્ડની ખોટી નકલો મેળવવા કાવતરું રચેલ અને ખોટા ૭/૧૨ બનાવેલ. વધુમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓએ શરૂઆતથી યોજનાપુર્વક ફરીયાદી શ્રી સરકાર સાથે ઠગાઈ કરેલ છે જેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે. આ કામમાં દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. આ કામના સરકારી વ.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ આરોપી વિરુઘ્ઘ ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને પ્રોબેશનનો લાભ ન આપવા

દલીલ કરેલ છે. વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરેલ છે જેથી આરોપીને સમાજમાં દાખલો બેસે તેનાં માટે પુરેપુરી સજા કરવા દલીલ કરેલ છે.

(૨) આરોપી તથા તેમના વકીલશ્રીની હાજરીમાં ચુકાદો વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે તથા સજાનાં પ્રશ્ન અંગે સાંભળવામાં આવેલ છે. આરોપી તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપી ગરીબવર્ગના ઈસમ છે તેમજ તેઓના કુટુંબની ભરણપોષણની તમામ જવાબદારી તેઓના શીરે છે. આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી ફરીયાદી કે આજુબાજુવાળા સાથે કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી જેથી તેઓને પ્રોબેશનનો લાભ આપવા અરજ કરી છે.

(૩) હાલના કેસની હકીકત, સંજોગો, રેકર્ડ ઉપરના પુરાવો ધ્યાને લેતા હાલના કામમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ મુજબનો ગુનો પુરવાર થયેલ છે. ઈ.પી.કો.કલમ–૪૬૫ માં સજાની જોગવાઈ ૨ વર્ષની કેદ અને દંડ બંને પ્રકારની સજાની જોગવાઈ છે. ઈ.પી.કો.કલમ–૪૬૭ માં સજાની જોગવાઈ આજીવન કેદ અથવા દસ વર્ષની કેદ અને દંડ બંને પ્રકારની સજાની જોગવાઈ છે. ઈ.પી.કો.કલમ–૪૭૧ માં સજાની જોગવાઈ ઈ.પી.કો.કલમ–૪૬૫ માં જણાવેલ સજાની જોગવાઈ લાગુ પડે. ઈ.પી.કો.કલમ–૪૬૮ માં સજાની જોગવાઈ સાત વર્ષની કેદ અને દંડ બંને પ્રકારની સજાની જોગવાઈ છે. ઈ.પી.કો કલમ–૪૨૦ માં સજાની જોગવાઈ ૭ વર્ષની કેદ અને દંડ બંને પ્રકારની સજાની જોગવાઈ છે. સજા ફરમાવતી વખતે કોર્ટે તે હકીકતને સંપુર્ણ પણે ધ્યાન રાખવું જોઈએ કે, સરકારશ્રી સાથે થયેલ ઠગાઈ, ગુનાની ગંભીરતા, સજાની

જોગવાઈ, આરોપીની ઉંમર, આરોપીની વર્તણુંક, આરોપીએ કરેલ કૃત્ય, આરોપીનો કોઈ ગુનાહિત ઇતિહાસ છે કે કેમ આ તમામ પાસાઓ ધ્યાને લેવા જોઈએ.

**(૪)** ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ તથા કલમ–૩૬૧ વંચાણે લેતા આ કોર્ટ એ તારણ ઉપર આવે છે કે, આ કામનાં આરોપી પુખ્તવયના છે અને આરોપી નં.૩ નાઓ સરકારી કર્મચારી છે તેમ છતા ખોટા ૭/૧૨ બનાવેલ છે અને આરોપી નં.૧ અને ૨ ને ખોટું ખેડુત પ્રમાણપત્ર મેળવી આપેલ છે. વધુમાં આરોપીઓએ સાથે મળી સદર કાવતરું કપટપુર્વક રચેલ જેમા તેઓએ સરકારશ્રીને ગેરકાયદેસર નુકસાન પહોચાડેલ છે અને પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે. હાલના કામમાં આરોપીને જો પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને આરોપીને કાયદાનો ભય ન રહે જેથી ભવિષ્યમાં આવા પ્રકારના ગુના વધવાની શકયતા નકારી શકાય નહી. વધુમાં હાલના સંજોગોમાં આવા પ્રકારના બનાવો સમાજમાં દિન પ્રતિદિન જોવા મળે છે જેથી સમાજમાં દાખલો બેસે અને આરોપી ફરી આવા પ્રકારનો ગુનો ન કરે અને સમાજમાં શાંતિ જળવાઈ રહે તે હેતું ધ્યાને રાખી હાલના કામનાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી.

**(૫)** બંને પક્ષોની દલીલો, કેસની હકીકતો, સંજોગો, સરકારશ્રી સાથે થયેલ ઠગાઈ, આરોપીની ઉંમર, સરકારશ્રીને થયેલ નુકસાન આ તમામ પાસાઓ ધ્યાને લેતાં હાલના કામનાં આરોપીને પુરેપુરી સજા ન કરતાં નીચે મુજબની સજા કરવી ન્યાયોચિત જણાય છે. હાલના કામના આરોપી ઉપર ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦ નો ગુનો પુરવાર

થયેલ છે તેની સજાની જોગવાઈ જોતા કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરતા નીચે મુજબની સજા કરવી ન્યાયોચિત જણાય છે.

**–: હુકમ :–**

(૧) આ કામનાં આરોપી **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૬૫ ના** ગુનામાં **૧૪ માસ**ની સાદી કેદની સજા અને આરોપીને રૂ.૪૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપી **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૬૭ ના** ગુનામાં **૬ વર્ષ**ની સાદી કેદની સજા અને આરોપીને રૂ.૪૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં આરોપી **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૬૮ ના** ગુનામાં **૫ વર્ષ**ની સાદી કેદની સજા અને આરોપીને રૂ.૪૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામનાં આરોપી **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૭૧ ના** ગુનામાં **૧૪ માસ**ની સાદી કેદની સજા

અને આરોપીને રૂ.૪૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામનાં આરોપી **ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૨૦ ના** ગુનામાં **૫ વર્ષ**ની સાદી કેદની સજા અને આરોપીને રૂ.૪૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) હાલના કામના આરોપી જો દંડ ન ભરે તો તેઓને વધુ ૧૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીએ તમામ સજા એકસાથે ભોગવવાની રહેશે. આ કામના આરોપીએ સદર ગુનામાં અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો તેઓને તે મજરે આપવી.

(૮) હાલના કામનાં આરોપીને **ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧)** હેઠળ ચુકાદાની નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૯) આરોપીનું સી.આર.પી.સી.કલમ–૪૧૮ મુજબ વોરન્ટ ભરવું.

(૧૦) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ.૪૩૭(અ) અંગે રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૭/૦૩/૨૦૨૬**
**સ્થળ. ખેડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ.**
**ખેડા**
**(જી.જે.૦૧૨૧૫)**